Permitted to post at Ahd. P.S.O. on Tuesday everyweek Under. Regd.No. : AHD-C/24/2018-2020 issued by SSP Ahd. Valid. up to dated 31-12-2020

વાદવિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે.

ISSN-2454-9622

To,

# અરવલ્લી જનજીવન

અરવલ્લી જનજીવન
સૂર્ય અને કણી વગર જીવન નહીં

સાપ્તાહિક

ARAVALLI JANJIVAN (Weekly)

અમદાવાદથી દર મંગળવારે પ્રસિદ્ધ થતું અંબાજી વાયા માનગઢથી ઉમરગામ સુધીની વિશ્લેષણાત્મક માહિતીસભર ગુજરાતી સાપ્તાહિક

● Year-7 ● Issue No. 28 ● Dt. 23-06-2020, Tuesday ● Page : 4 ● Price : Rs.5/- ● ANNUAL SUBCRIPTION. Rs. 200/- ● R.N.I. Reg. No. : GUJGUJ/2013/54129 ● E-mail : pandav.vijay4u@gmail.com

● Printed / Publisher / Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI. M. 98255 86207 ❑ Office : F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013.

## તંત્રીલેખ......

### આદિવાસી સમાજ અને કાનૂનીકરણ

આદિવાસી સમાજ અને કાનૂનીકરણ વિશે આજે ચર્ચા કરવી એ મહત્વની બાબત છે. આદિવાસી સમાજ વિકાસ માટે ભારતના બંધારણની જોગવાઈઓ મુજબ વિવિધ કાયદાઓ ઘડવામાં આવ્યા છે. જેમ કે પેસા એક્ટ-૧૯૯૬, જંગલ જમીન અધિકાર-૨૦૦૬, આદિવાસી અત્યાચાર નિવારણ-૧૯૮૯ તથા અન્ય આદિવાસી અત્યાચાર હક્કોને લગતા કાયદાઓ ઘડવામાં આવ્યા છે. પરંતુ આ કાયદાઓની અમલવારી પર પ્રશ્ન ઉદ્‌ભવે છે. કારણ કે આ કાયદાઓનું પાલન સંપૂર્ણપણે થતું નથી. પેસા એક્ટના કાયદા મુજબ આદિવાસી વિસ્તારમાં સંપૂર્ણ રીતે વહીવટી કચેરીઓમાં આદિવાસી અધિકારીઓ સંચાલન કરતા હોવા જોઈએ ત્યારે જ આદિવાસી વિકાસની રૂપરેખા સમજી શકાય પરંતુ તેમના વિસ્તારમાં વહીવટી કચેરીઓમાં બિન આદિવાસી અધિકારીઓ જોડાયેલા છે. તેથી કહી શકાય છે કે કાનૂની કરણની આદિવાસી વિસ્તારમાં અમલવારી થયેલ નથી. આદિવાસી સમાજમાં જંગલને લગતા કાયદાઓ અંગ્રેજ સમયગાળા દરમિયાન ઘડાયેલા છે. તેનો પણ સરકાર તથા સરકારી અધિકારીઓ દ્વારા દૂરઉપયોગ થાય છે. જંગલ તથા જંગલના નામે આદિવાસી વિસ્તારની જમીનો સરકારી, ખરાબા તથા ગૌચરના નામે અથવા પંચાયતના નામે આદિવાસી સમાજના પૂર્વજનો તથા વર્તમાન આદિવાસી સમાજ પાસેથી જમીન લઈ લેવામાં આવી છે. આ જમીનો પાછી મેળવવા વારંવાર આદિવાસી આંદોલનો થાય છે. સરકાર પાસે જમીન મેળવવા માંગણીઓ થાય છે. પરંતુ તેમને જમીન અંગેના પ્રશ્નોના ઉકેલ આપવામાં આવેલા નથી. આમ આ બધી પરિસ્થિતિ આદિવાસી વિકાસમાં અવરોધક છે. તેનો ઉકેલ રાજ્ય તથા કેન્દ્ર સરકારો દ્વારા લાવવો જોઈએ. જેથી આદિવાસી સમાજનો વિકાસ તથા આદિવાસી કાનૂનીકરણની અમલવારી યોગ્ય દિશામાં જઈ શકે.

અરવલ્લી જનજીવનમાં છપાતા લેખો, આર્ટીકલો તેમજ ધર્મ અંગે છપાતી માહિતી માટે જે તે લેખકો જવાબદાર રહેશે. પ્રકાશક આ લેખો માટે જવાબદાર ગણાશે નહીં તેની નોંધ સર્વ વાચકોએ લેવી.

તંત્રી : અરવલ્લી જનજીવન

## લવાજમ તથા છૂટક નકલ મેળવવા માટે સંપર્ક કરો

બ્યુરોચીફ : અશોકભાઈ પાંડર મો. ૯૪૨૮૪ ૧૦૪૩૦

★ "અરવલ્લી જનજીવન" સાપ્તાહિકનું વાર્ષિક લવાજમ ફક્ત રૂા. ૨૦૦/- અને આજીવન સભ્ય ફી રૂ. ૨૦૦૦/- ભરી આપ ઘરે બેઠા સાપ્તાહિકની નકલ મંગાવી શકો છો.

★ જે વાચક મિત્રોએ વાર્ષિક લવાજમ ભરેલ હોય અને જેનું એક વર્ષ પૂર્ણ થતું હોય તેઓએ તાત્કાલિક વાર્ષિક લવાજમ ભરી દેવું. જે વાચકમિત્રોને લવાજમ ભરવું હોય તેઓએ "અરવલ્લી જનજીવન"ના નામનો ચેક અથવા ડ્રાફ્ટ કાર્યાલયના સરનામે મોકલાવી આપવાનો રહેશે.

| | | |
|---|---|---|
| (૧) લાલાભાઈ | પોશીના | ૮૧૨૮૧ ૬૪૦૯૭ |
| (૨) રાજેશભાઈ | દાંતા | ૯૯૯૮૧ ૦૪૧૯૦ |
| (૩) દિપક ડાભી | ઈકબાલગઢ | ૯૮૯૮૯ ૬૭૬૮૦ |
| (૪) રામજીભાઈ | ખેડબ્રહ્મા | ૯૭૨૫૧ ૭૫૮૬૩ |
| (૫) ચામુંડા ઝેરોક્ષ | વિજયનગર | ૯૪૨૯૪ ૬૨૨૫૪ |
| (૬) નાગજીભાઈ ભીલ | પાટણ | ૯૭૨૬૭ ૧૮૬૨૧ |
| (૭) બાબુભાઈ | પાલનપુર | ૯૪૨૬૫ ૧૪૩૩૬ |
| (૮) રમેશભાઈ | ખેરગામ | ૯૪૨૬૮ ૪૬૪૪૦ |
| (૯) વસંતભાઈ રાઠવા | વડોદરા | ૯૭૧૪૨ ૬૪૦૮૧ |
| (૧૦) પ્રવિણભાઈ | મહિસાગર | ૯૫૧૨૮ ૭૨૩૯૨ |
| (૧૧) A/c કાલુભાઈ | કતવારા (દાહોદ) | ૯૫૮૬૬ ૦૦૩૧૦ |
| (૧૨) ગામીત રાજેશ | વ્યારા | ૯૯૨૫૩ ૬૧૯૭૫ |
| (૧૩) ધનંજય | મોડાસા | ૮૪૯૦૯ ૯૯૩૦૭ |
| (૧૪) A/c હરસિંગભાઈ | જાલત (દાહોદ) | ૭૮૭૪૪ ૭૭૯૪૧ |
| (૧૫) A/c ભાવસિંગભાઈ | જેસાવાડા(દાહોદ) | ૯૭૨૬૪ ૬૬૯૬૩ |
| (૧૬) A/c અંબાલાલ | મહારાષ્ટ્ર | ૯૮૨૨૨ ૭૪૯૮૮ |
| (૧૭) ડો. એલ.જી.કટારા | ભિલોડા | ૯૪૨૭૬ ૯૪૫૫૦ |
| (૧૮) A/c સતીષભાઈ | વડોદરા | ૮૧૬૦૫ ૦૬૭૫૭ |
| (૧૯) ચુનિલાલ પાંડવ | વિજયનગર | ૯૯૧૩૮ ૪૭૯૦૯ |
| (૨૦) જગદીશભાઈ | ખેડબ્રહ્મા | ૯૪૨૭૦ ૩૮૮૭૪ |
| (૨૧) A/c ઠાકોરભાઈ | ભરૂચ જિલ્લો | ૯૪૨૯૩ ૩૮૪૭૨ |
| (૨૨) વિજય મછાર | દાહોદ જિલ્લો | ૭૮૭૪૨ ૬૧૩૦૮ |
| (૨૩) સવજીભાઈ | મહેસાણા જિ. | ૯૭૨૬૬ ૦૯૮૬૮ |
| (૨૪) A/c સબુરભાઈ | માતવા (દાહોદ) | ૯૫૮૬૫ ૪૦૫૨૯ |
| (૨૫) A/c દશરથભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૫૪૯૪ ૯૪૬૪૮ |
| (૨૬) મુકેશ પટેલ | વાપી | ૮૫૩૦૫ ૫૮૮૭૭ |
| (૨૭) A/c શંકરભાઈ | ઉદેપુર(રાજ.) | ૯૯૫૦૮ ૭૬૭૩૪ |
| (૨૮) કલ્પેશ પટેલ | વલસાડ | ૯૯૨૫૫ ૧૮૨૫૪ |
| (૨૯) ઓમપ્રકાશભાઈ | ભૂજ | ૯૮૨૫૦ ૭૦૫૧૭ |
| (૩૦) દિલીપ જે. ડગલા | ઝાલાવાડ | ૯૩૭૫૨ ૬૯૯૫૦ |
| (૩૧) શંકરભાઈ | ગાંધીનગર | ૯૯૭૮૫ ૮૭૧૨૭ |
| (૩૨) હિતેશભાઈ | ચિઠોડા | ૭૫૭૪૦ ૭૬૫૧૧ |
| (૩૩) A/c જમસુભાઈ | કપરાડા | ૯૭૧૪૭ ૨૨૧૫૯ |
| (૩૪) A/c સુરેશ ડામોર | વિરપુર | ૯૭૨૬૫ ૧૨૯૩૭ |
| (૩૫) રવજીભાઈ પાંડોર | ધોલવાણી-વિજયનગર | ૯૪૨૭૦ ૫૮૦૪૨ |
| (૩૬) પ્રો. નટુભાઈ ગામિત | નવસારી | ૭૮૭૮૩ ૩૦૨૦૦ |
| (૩૭) સમીરભાઈ ડામોર | ઓઠ-ભિલોડા | ૯૦૯૯૫ ૯૫૧૪૩ |
| (૩૮) પ્રકાશ માજીરાણા | કપડવંજ | ૮૭૩૪૮ ૭૨૬૮૧ |

હેલ્પ લાઈન : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭
વોટ્સઅપ : મોબાઈલ : ૯૮૨૫૫ ૮૬૨૦૭

# શું મિડીયા ભારતના સંવિધાન પ્રત્યે ઈમાનદાર છે ?

ભારત લોકશાહી દેશ છે, લોકશાહીના ચાર સ્તંભ છે જેમાં લોકશાહીનો ચોથોસ્તંભ મિડિયા છે. મિડીયા જેટલું ઈમાનદાર તેટલો તે દેશ જાગૃત, મિડીયા બેઈમાન તે દેશ બધી રીતે બિમાર હોય જેમ કે ભારત.

લોકશાહીના ચાર સ્તંભ શાસન, પ્રશાસન, ન્યાયતંત્ર અને મિડીયા છે. જેમાં ચોથા સ્તંભ મિડીયાને બંધારણમાં વિશેષ આઝાદી આપી છે જેનું કારણ લોકશાહી હેલ્થ સારી રહે, લોકો જ્યારે શાસન, પ્રશાસન અને ન્યાયતંત્રથી સંતુષ્ટ ન હોય ત્યારે મિડીયા તેનો અવાજ બની શકે છે. અને શાસન- પ્રશાસનના કાન આમળી શકે છે. બાળકને કંટ્રોલ કરવા મા કાન આમળે તેમ શાસન- પ્રશાસન બેલગામ બને તો તેનો કાન આમળવાનું કામ મિડીયા કરે છે. લોકશાહીમાં લોકોના હિતમાં શાસન-પ્રશાસનની ભૂમિકા કેટલી ઈમાનદાર છે તે જોવાનું કામ મિડીયાનું છે. જેથી તે સ્વતંત્ર છે જેના ઉપર કોઈનો અંકુશ હોતો નથી. મિડીયા કોઈ ભૂલ કરે તો તેના ઉપર સીધી ફરિયાદ થતી નથી, તેના ઉપર માનહાનીનો દાવો થઈ શકે છે,ઘણા દોડીને પોલીસ સ્ટેશને અરજી કરે છે, કલેક્ટરોને કે મુખ્યમંત્રીને ફરિયાદ કરે છે, જેનો કોઈ મતલબ હોતો નથી. ઘણા પોલીસ અધિકારીઓ પણ અરજી લઈને તંત્રીને ફોન કરે છે, જેને નિયમો અને મિડીયાના જ્યુડીશીયલની પણ ખબર હોતી નથી, પછી ફોન ઉપર તંત્રી ખખડાવે ત્યારે નિયમોની ખબર પડતા ચૂપ થઈ અરજીઓ દફતરે કરી દે છે. દેશમાં આજે અનેક સમસ્યાઓ છે, ગરીબી, બેકારી, ભૂખમરો, નિરક્ષરતા, બિમારી, આતંકવાદ, માનવવાદ, જાતિવાદથી દેશની જનતા પીડાય છે. કરોડો લોકો છત વગર અને અર્ધનગ્ન હાલતમાં અર્ધ ભૂખ્યા જીવી રહ્યા છે. આઝાદીને ૭૦ વર્ષ થવા છતાં દેશની અધોગતિ દૂર થતી નથી. દેશમાં સમસ્યા ઘટવાને બદલે વધે છે તેના જવાબદાર કોણ ? મિડીયાનું કામ શાસન-પ્રશાસનની નીતિઓ દેશની જનતા માટે કેટલી ઈમાનદાર છે તેના પર ધ્યાન રાખવાનું અને તે નીતિઓની સમીક્ષા કરવાનું તેમજ દેશની જનતાની સમસ્યાઓને ઉજાગર કરી તે સમસ્યાઓ શાસન- પ્રશાસન દ્વારા દૂર કરાવવાની ખૂબ જ મહત્વની ભૂમિકા મિડીયાએ ભજવવાની હોય છે. મિડીયાના આધારે દેશની જનતા સોચ બદલી શકે છે. મિડીયા ધારે તે દિશામાં દેશની જનતાને વાળી શકે છે. મહત્વનો સવાલ એ છે કે શું મિડીયા દેશની જનતા માટે ઈમાનદાર છે ખરો ? મિડીયાના સંચાલકો પણ શાસક વર્ગની જેમ બેઈમાન હોય તો સત્ય હકિકત જનતા સમક્ષ આવે નહિ. જનતાને ગુમરાહ કરવાનું કામ પણ મિડીયા કરી શકે છે. આજે મિડીયાનું સંચાલન મોટાભાગે વાણિયા બ્રાહ્મણો પાસે છે જેથી તેઓ વાણિયા- બ્રાહ્મણોના હિત સાચવવા તેની સરકારોની તરફદારી વાળા ન્યુઝ બનાવે છે તેમજ તેના ફાયદામાં બધી જ બાબતોનું કેમ્પીયન ચલાવે છે, જેથી દેશનું અસલી દર્દ દુનિયા સમક્ષ આવતું નથી. દેશની મોટાભાગની જનતા સમસ્યાઓથી પીડાય છે પણ તેની સમસ્યા ઉજાગર કરવામાં આવતી નથી. દેશના ન્યુઝ પેપર અને ટીવી મિડીયા એક વર્ષ માટે પણ ઈમાનદાર બની ને ખરી વાસ્તવિક્તા દેશની જનતા સમક્ષ મૂકે તો અત્યાચાર, ભ્રષ્ટાચાર, આતંકવાદ, માઓવાદ, બેકારી, ભૂખમરીની સમસ્યાઓ અને સમસ્યા પેદા કરનારા તત્વો સમાપ્ત થઈ જાય પણ શું મિડીયા આવું કરે ખરું ? ધાર્મિકતાની આડમાં દેશની જનતાનું શોષમ થઈ રહ્યું છે. ધર્મને એક એવો ઉદ્યોગ બનાવી દેવાયો છે કે ભારતના બજેટ કરતા અઢી ગણુ બજેટ મંદિરોમાં જાય છે. જ્યાં કોઈ દુ:ખી કે ભૂખ્યો નથી. ભગવાન ખાતો નથી કે દુ:ખીઓને, ભૂખ્યાઓને ખાવા પણ દેતો નથી. ષડયંત્રકારી લોકોના ખીસ્સામાં આ પૈસા જાય છે અને એ જ પૈસાથી ચૂંટણી લડાઈ છે, બેઈમાન મિડીયાને અપાય છે, એ મિડીયા દેશની જનતાને મૂળ મુદ્દા ભુલાવી ધાર્મિક ભાવનાઓમાં ભડકાવી ઉલજાવી રાખે છે અને લોકો સમસ્યાઓમાં ભટક્યા કરે છે.

પડકાર ન્યુઝ આ બધી જ બાબતોનો પર્દાફાશ કરે છે, સમસ્યા પેદા કરનારને ખુલ્લા પાડવાનું કામ કરે છે, લોકોને મૂર્ખ બનાવનારને ખુલ્લા પાડે છે. જેથી બધા જ ષડયંત્રકારીઓ નેતા હોય કે બાવા પડકારથી ભડકે છે, ભાગે છે. પડકાર દેશની જનતા માટે નિડર બની ઈમાનદારીથી તેના હક્ક અધિકાર માટે અવાજ ઉઠાવે છે અને ઉઠાવતું રહેશે.

## ભાજપના શાસનમાં આદિવાસીઓ ભુખે મરે છે અને તેમના પર અત્યાચાર થાય છે : છોટુભાઈ વસાવા

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારના ૬ ગામના આદિવાસીઓ પોતાના વિવિધ પ્રશ્નો મુદ્દે બીટીપીના ધારાસભ્ય છોટુભાઈ વસાવા અને એમના પુત્ર એમએલએ મહેશ વસાવા પાસે પહોંચ્યા હતા. કેવડિયા સહીત આસપાસના આદિવાસીઓએ છોટુભાઈ વસાવાને પોતાની આપવીતી સંભળાવી હતી. દરમિયાન છોટુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે સરકાર આદિવાસીઓને માણસ સમજતી જ નથી. આવનારા સમયમાં જવલંત આંદોલન થશે. સ્ટેચ્યુ ઓફ યુનિટીને કારણે પમી અનુસૂચિ ખતમ નહિ થવા દઈએ. દરમિયાન ગુજરાત રાજ્યસભા ચૂંટણીમાં કોને મત આપવો એ મામલે છોટુભાઈ વસાવાએ એક ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે કોંગ્રેસે ૬૦ વર્ષમાં કશું જ નથી કર્યું અને ભાજપ હિન્દુત્વના રંગે રંગાયું છે તો અમે ભાજપ-કોંગ્રેસને કેમ મત આપીએ. જેની સરકારમાં આદિવાસીઓને દુઃખ પડતું હોય અને એમની જમીનો છીનવી લેતા હોય, ભૂખે મારતા હોય તો એ લોકો કેવી રીતે કહી શકે કે અમે એમને મત આપીશું. જે સરકાર સંવિધાનિક બાબતો લાગુ ન કરે અને વિપક્ષવાળા એ મામલે કાંઈ ન બોલે તો અમે ચૂંટણીમાં શું કરવા પડીએ. ૭૦ વર્ષ કોંગ્રેસે આદિવાસીઓ માટે કોઈ પણ કામ કર્યું નથી. જો અમારા પ્રશ્નો ઉકેલાશે તો જ અમારે મત આપવો કે નહીં એ બાબતે અમે વિચારીશું. અમારા લોકો સાથે જે ધંધો થઈ રહ્યો છે એવું અત્યાર સુધી કયારેય થયું નથી.



ખરેખર જો ભાજપ હિન્દુત્વને માનતા હોય તો આ લોકો પણ હિંદુ જ છે. કેવડિયાવાળીની જમીન પડાવી લેવાની દાનત માટે પોલીસ મોકલી આપવાની. આખી રાત પોલીસ પહેરો ગોઠવી દેવાનો. આદિવાસીઓને માનસીક રીતે ખતમ કરી જમીન સરકારને આપી દેવા દબાણ કરવામાં આવી રહ્યું છે એવા લોકોને અમે કેવી રીતે મત આપવા ઈચ્છીએ. અમારા માટે હવે ભાજપ-કોંગ્રેસ બંને સરખા છે. જો કોંગ્રેસે સંવિધાન લાગુ કરી દીધુ હોત તો ભાજપનો જન્મ ન થયો હોત અને ભારત દેશની આવી નોબત જોવા ન મળત. અમારા આદિવાસીઓ સાથે જે ચેનચાળા કરે એને અમે કેવી રીતે ચાહીએ. આદિવાસીઓની જમીન ઝૂંટવી લેવાનો અને ભૂખે મારવાનો વરઘોડો કાઢવો એ યોગ્ય નથી. આદિવાસીઓના નકલી સર્ટિફિકેટ બનાવી નોકરી આપવાનો ધંધો લોકશાહી દેશમાં ચાલે જ નહીં. આવા લોકો લોકશાહી દેશમાં ચાલે જ નહીં અને એ લોકો લોકશાહીમાં માનતા નથી. અમે મત કોને આપીશું એ જાહેર ન કરવાનું હોય કારણ કે અમારા કામ કરે એટલે સંકજામાં લેવા પડે તેવા મત ઘણા આપ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્યસભાની ચૂંટણીમાં બીટીપીની મહત્ત્વની ભૂમિકા રહેશે. બીટીપી જો કોંગ્રેસને મત આપે તો બીજી બેઠક જીતવાનું કોંગ્રેસનું સ્વપ્ન ચકનાચૂર થઈ જશે.

## મોડાસામાં કોરોના વકર્યો : શહેરમાં વધુ સાત કેસ : જિલ્લામાં કુલ ૧૭૦ દર્દીઓ

### મોડાસામાં કોરોનાનું સંક્રમણ વધતા હોટસ્પોટ બનશે !

અરવલ્લીના મોડાસામાં કોરોનાનું સંક્રમણ રોકેટ ગતિએ વધી રહ્યું છે, આજે મોડાસા શહેરમાં વધુ સાત કેસ આવતા હોટસ્ટોટ બનવા તરફ આગળ ળધી રહ્યું હોઈ તેવી સ્થિતિ સર્જાઇ છે. જયારે જિલ્લામાં ૨૪ કલાકમાં ૧૨ કોરોનાના કેસ નોંધાયા છે અને જિલ્લામાં કુલ ૧૭૦ દર્દીઓ નોંધાય છે. જયારે કુલ ૧૪ દર્દીઓના મોત નિપજ્યા છે. મોડાસાના બેલીમવાડા વિસ્તારમાં ૪૮ વર્ષિય પુરૂષ,નવાજી ફળીમાં ૨૮ વર્ષિય યુવક,અલહયાત સોસાયટીમાં ૫૮ વર્ષિય મહિલા,દરીયાઈ સોસાયટીમાં ૪૮ વર્ષિય મહિલા મળી ૭ દર્દી કોરોના સંક્રમણમાં સપડાયા હતા.જયારે મોડાસા તાલુકાના કરસનપુરા (ઈટાડી) ગામે તથા સબલપુર ગામે બે પોઝીટીવ કેસ મળી આવતાં વધુ ૭ પોઝીટીવ કેસ સાથે જ જિલ્લામાં કુલ પોઝીટીવ કેસનો આંકડો ૧૬૭ દર્દીએ પહોંચ્યો છે.

ગત બુધવારના રોજ નગરની એક સહકારી બેંકના ૫૫ વર્ષિય કર્મી અને બોરડીયા ફળીના ૫૦ વર્ષિય મહિલા કોવીડ-૧૯ રોગનો ભોગ બન્યા હતા.આ અસરગ્રસ્ત વિસ્તારોમાં આરોગ્ય વિભાગની ૩ ટીમો દ્વારા ૧૫૨ ઘરોનું સર્વે હાથ ધરી ૬૬૦ વ્યક્તિઓના આરોગ્યની ચકાસણી કરાઈ હતી.જયારે દર્દીઓના સંપર્કમાં આવનાર ૨૦ વ્યક્તિઓને હોમ કર્વારન્ટાઈન કરી દેવાયા હતા.જિલ્લામાં હાલ ૭૫૨ વ્યક્તિ હોમ કર્વારન્ટાઈન કરાયેલ છે.જયારે કુલ ૧૭૦ તેમજ બે અમદાવાદ જિલ્લામાં નોંધાયેલ મળી કુલ ૧૬૯ દર્દીઓ પૈકી ૧૨૪ દર્દીઓ પુનઃ સ્વસ્થય પ્રાપ્ત કરતા ડીસ્ચાર્જ કરી દેવાયા છે.જયારે હાલ મોડાસા કોવીડ હોસ્પિટલ ખાતે ૧૯,હિંમતનગર સીવીલ હોસ્પિટલ ખાતે ૦૬,અમદાવાદ ખાતે ૦૧ અને ગાંધીનગર સીવીલ હોસ્પિટલ ખાતે ૦૨ મળી કુલ ૨૯ વ્યક્તિઓને કોરોના સંક્રમણ સામે સારવાર અપાઈ રહી છે.

## શિક્ષિત આદિવાસીઓની સમસ્યાઓ

ગુજરાતના આદિવાસી વિસ્તારો સાબરકાઠા થી વલસાડ(ધરમપુર)અને ડાંગ સુધીની પૂર્વપટ્ટીમાં વિસ્તરેલો છે. ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાત રાજ્યમાં આદિવાસીઓની વસ્તીનું પ્રમાણ ૧૪.૭૫? જેટલું જોવા મળે છે. સમગ્ર ગુજરાત રાજ્યમાં આદિવાસીઓમાં શિક્ષણનું પ્રમાણ ૬૨.૪૮% જેટલું થાય છે. પુરુષોમાં શિક્ષણનુંપ્રમાણ ૭૧.૬૮% અને સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ૫૩.૧૬%છે. ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરી રાજ્યના અન્ય જિલ્લાઓમાં વર્ગ ૧,૨,૩,૪માં ફરજ બજાવતા કર્મચારીઓની સંખ્યા પણ ઘણી જોવા મળે છે. ઉપરાંત થોડું ઘણું શિક્ષણ પ્રાપ્ત કરી રોજગારી(મજુરી)ની શોધમાં નીકળી પડનારા આદિવાસીઓ પણ વિશાળ સંખ્યામાં જોવા મળે છે. આજે ભણેલો વર્ગ પણ રોટલો મેળવવા પોતાના બાપદાદા જે શરીર શ્રમ કરતા આવ્યા છે એજ કરવો પડે છે. ખેતી ધંદા કે રોજગારના અનેક સ્થળોએ સામાન્ય વળતરથી મજુરી કરતા લોકોમાં ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએટ થયેલા મજૂરો સહજ રીતે જોવા મળે છે આ બાબત મારા માટે અને સમગ્ર આદિવાસી સમુદાય માટે ગંભીર અને ચિંતાજનક સમસ્યા છે.

ગુજરાત રાજ્યનો કોઈ એવો જીલ્લો નથી કે ત્યાં આદિવાસી નોકરી કરતો કે મજુરી કરતો જોવા ન મળે. મોટા ભાગે આ ભધાજ શિક્ષિત આદિવાસીઓના જીવનનો ૪૦% જેટલો સમયગાળો નોકરી, મજુરી કે રોજીરોટી માટે પોતાની માતૃભૂમિથી દુર રાજ્યના અન્ય સ્થળોએ પસાર થતો હોય છે. લગ્ન,મૃત્યુ કે અન્ય સામાજિક પ્રસંગોએ અથવા હોળી, દિવાળી જેવા તહેવારોએ જ પોતાના માદરે વતનમાં અવર જવર કરતા હોય છે. નોકરી, મજુરી કે રોજીરોટી માટે પોતાની માતૃભૂમિથી દુર રાજ્યના અન્ય જિલ્લાઓમાં જનારો આદિવાસી નોકરી કરતો હોય તો સરકારી કવાટર્સના કે અન્ય જ્ઞાતિઓની સાથે ભાડાના મકાનમાં રહેતો હોય છે. અને ખેતરમાં મજુરી કરનારો વર્ગ માલિકના ખેતર(વાડી)માં, બાંધકામમાં મજુરી કરતો હોયતો માલિકની સાયડ પર કે ફૂટપાથ પરજ પોતાના કુટુંબ કબીલાઓ સાથે રહેતો જોવા છે. પોતાના કુટુંબથી દુર રહેતો હોવાને કરણે કૌટુંબિક સંબધોમાં ક્યારેક ખટરાગ ઉત્પન્ન થવા લાગે છે. સમય જતાં ઘરના સભ્યોની સાથેનો નાતો પણ ઓછો થતો જાય છે. ક્યારેક કેટલાક સંજોગોમાં તો લગ્ન, મૃત્યુ કે અન્ય સામાજિક પ્રસંગોએ જઈ શકાતું નથી. ક્યારેક તો ઘરના સભ્યોની અપેક્ષાઓ ઘણી હોઈ છે જે પૂર્ણ ન થાય તો પણ ખટરાગ થવા માંડે છે. પૈતૃક સંપતીને માટે ઘરમાંજ રામાયણ અને મહાભારત સર્જાતા હોય છે. પોતાના ઘરથી અન્ય સ્થળે રહેનારો ઘરનાને સમજી શકતો નથી અને ઘરના સભ્યો અન્ય સ્થળે રહેનારને સમજી શકતા નથી. જતું કરવાની ભાવના અને સમજણ બનેમાં ન હોવાને કારણે સમાજને ખુબ મોટું નુકસાન જતું હોયુ છે.

શિક્ષિત આદિવાસીઓના સંતાનોને સારુ શિક્ષણ તો મળી રહે છે પરંતુ પ્રાથમિક શિક્ષણથીજ તેઓ અન્ય જ્ઞાતિઓના બાળકો સાથે ઉછરે છે. અન્ય જ્ઞાતિની ભાષા, સંસ્કૃતિ પોષાક અને વિચારસરણીનો પ્રભાવ બાળક ઉપર પડતો હોવાને કારણે બાળકોને ક્યારેક લાભ થતો હોય છે અને ક્યારેક ગેરલાભ પણ થતો હોય છે. જો ગેરલાભ થાય તો સંકુચિતતા અને માનસિક ટોર્ચરિંગનો ભોગ પણ બનતા હોય છે. વતનથી અન્ય સ્થળે રહેનારું બાળક વતના અન્ય બાળકોની, ભાષા, સંસ્કૃતિ, પોષાક અને વિચારસરણી પણ ગમતી હોતી નથી. એજ બાળક જયારે યુવાન થાય છે ત્યારે ખુબ મોટી સમસ્યા સર્જાતી હોય છે. યુવક યુવતીઓના સામાજિક સગપણો થઈ શકતા નથી. આવી પરિસ્થિતિમાં આદિવાસી સમાજના યુવકો અને યુવતીઓ અન્ય સમાજના યુવક કે યુવતીઓ સાથે લગ્ન કરી લેતા હોય છે. સારી પોસ્ટ પર નોકરી કરતા આદિવાસી યુવાનોની સાથે ઉચ્ચ વર્ણની યુવતીઓ સામેથી પ્રસ્તાવ મૂકી લગ્ન કરી લેતી હોય છે ત્યારે વતનમાં રહેતા કુટુંબીજનો આ સવર્ણ યુવતીને સ્વીકારતા નથી તેઓનો ત્યાગ કરે છે. યુવતી આદિવાસી સમાજના રીતિરીવાજો, સભ્યતા અને સંસ્કૃતિને જાણતી નથી અને તેને સ્વીકારી પણ શકતી નથી તેથી ઘર (કુટુંબ)બરબાદ થાય છે. શિક્ષિત અને સમૃદ્ધ આદિવાસીઓએ અન્ય વર્ણની સ્ત્રીઓ સાથે લગ્ન કરવા નહી. સવર્ણ યુવતીઓએ જો લગ્ન કરવાજ હોય તો મજુરી કરતા આદિવાસી યુવકની સાથે કેમ નથી કરતી ?

 ISSN-2454-9622 Dt. 23-06-2020, Tuesday

# આદિવાસીઓમાં કલા અને સાહિત્ય

મૂળ વતનીઓ તરીકે ઓળખાતા વિવિધ આદિવાસી સમુહો ભારતના વિવિધ ભૌગોલિક વિસ્તારોમાં વસવાટ કરે છે. કુલ વસિતના લગભગ ૮% વસતિ આદિવાસીઓની છે. ગુજરાતમાં તેઓની વસ્તી ૧૫% જેટલી છે. ગુજરાતમાં આદિમજાતિના લોકો વસે છે. સમાજવ્યવસ્થા છે. વ્યવસાય, ખોરાક, પોષાક, માન્યતા, બોલી પરંપરા પ્રથાઓ જોવા મળે છે. આ આદિવાસીનો અર્થ વેબ્સ્ટરના શબ્દકોષમાં જણાવ્યાનુસાર આદિમ એટલે પ્રથમ, પ્રાથમિક, આદિવાસી, પ્રાચીન વગેરે

ભારતની આદિમ પ્રજાતિઓના અભ્યાસુ ડો. વેરિયર એલ્વિન, હબર્ટ રિઝલી, આદિમજાતિ સમુહને મૂળવતનીઓ તરીકે ઓળખાવે છે.

માનાવશાસ્ત્રીઓના અભ્યાસ દર્શાવે છે કે ભારતનો આદિવાસી સમાજ વૈવિધ્યભર્યો જોવા મળે છે. અનેક લોક સમુદાયોનો બનેલો ભારતદેશ અને તેમાં રહેલી સાંસ્કૃતિક વિભિન્નતા સતત કુદરતના સાંનિધ્ય અને સંઘર્ષમાં જીવાતું આ જીવન કુદરતી મહેરથી પ્રસન્ન અને કુદરતના કહેરથી હતાશા વચ્ચે ઝોલા ખાતું જીવન. તેમની શારીરિક લાક્ષણિકતાઓ, રહેઠાણ, ખોરાક, પોષાક, કલા કૌશલ્ય, ધર્મ, સાહિત્ય, મનોરંજન બધું જ કુદરતી અસર હેઠળ જન્મ, લગ્ન, મૃત્યુને લગતા રિવાજો, ધાર્મિક ક્રિયાકાંડો, આચારવિચાર બધું જ ભૌગોલિક પરિસ્થિતિને અનુકૂળ કુદરત જ સર્વેસર્વા. થોડાંક વર્ષો પૂર્વેની પરિસ્થિતિને જોઈએ તો સંપૂર્ણ સાદગીભર્યું જીવન જ્યાં ગાંધી વિચારનો પ્રચાર પ્રસાર ન કરવો પડે. સમગ્ર જીવન જ એ રીતે ગોઠવાયેલું કે જેમાં સામાન્ય રીતે ઉપયોગિતાવાદી દષ્ટિકોણ જ નજરે પડે. ધર્મભીરૂ અને પરંપરાગત માન્યતા, પ્રથા પર રચાયેલો માનવ સમુદાય કુદરત પાસે જરૂરિયાત પૂરતું લેવું અને જીવન વ્યતિત કરવું. આવા લોક સમુદાયના સાહિત્ય, કલા, સંસ્કૃતિ પર નજર કરીએ તો તે પણ આસપાસના પર્યાવરણ-માંથી અપનાવેલું. સાંપડેલું કે ઉપજાવી કાઢેલું.

આજે ભારતના બંધારણની જોગવાઈઓ, ઔદ્યોગિકરણ, શહેરીકરણ, શિક્ષણ, સંચાર માધ્યમના સાધનોના વ્યાપને કારણે પરિવર્તન જરૂર જોવા મળે છે. તેમ છતાં આદિવાસી સમાજોમાં આજે પણ તેમની કલા સાહિત્યને ટકાવી રાખવાના પ્રયાસો વિવિધ સંગઠનો દ્વારા કે વ્યક્તિગત પ્રયાસો જોવા મળે છે. પ્રસ્તુત પેપર તેમના સાહિત્ય, કલા કૌશલ્ય તરફ એક દષ્ટિપાતનો નમ્ર પ્રયાસ છે. સંપૂર્ણ લખાણ સેકન્ડરી ડેટા પર આધારિત છે. તો કેટલીક વાતો વિદ્યાર્થીઓ સાથેની વાતચીતમાંથી તો કેટલીક ટીઆરટીસીમાંથી જાણવાનો પ્રયાસ કરેલો છે.

આદિવાસીઓની લાક્ષણિક્તા જોઈએ તો ચોક્કસ ભૌગોલિક પ્રદેશમાં વસતો સમુદાય જેમાં સામાન્ય રીતે નામ, બોલી, સગાઈ સંબંધો, પરંપરા, માન્યતા, જીવન પ્રત્યેનો દ્દષ્ટિકોણ, અર્થવ્યવસ્થા, ધાર્મિક ઉત્સવો, આનંદ પ્રમોદના સાધનોમાં સમાનતા સાથે જ મજબૂત સંઘબળ, નેતૃત્વ કાયદાકાનુન સ્પષ્ટ રીતે અભિપ્રેત જોવા મળે. સાથે જ ફુરસદના સમયનો ઉપયોગ તેમની સાહિત્યીક રચના, કલા કૌશલ્ય વિકસાવવામાં કરતા હોય કેમ કે માનવી બુદ્ધિશાળી પ્રાણી છે. સતત ક્રિયાશીલ માનવી કુદરતના સતત સંપર્ક અને સંઘર્ષમાંથી અવનવી રીતભાતો વિકસાવે અને તેના પ્રતિક સ્વરૂપે તેમની અભિવ્યક્તિઓ જે તેમનાં કલાના વિવિધ સ્વરૂપો અને સાહિત્યમાં તાદશ થાય. આ કલા અને સાહિત્ય આદિવાસીઓમાં જુદા જુદા સ્વરૂપે જોવા મળે.

હોબેલ કલાની વ્યાખ્યા આપતા જણાવે છે કે કળાનું તાત્પર્ય રેખા, આકૃતિ, રંગ, તાલ અને શબ્દ સાથે છે. જેમ કે રેખાચિત્ર, ચિત્રકળા, મૂર્તિકળા, નૃત્ય, સંગીત, કવિતા અને સાહિત્યના રૂપમાં માનવ પ્રવૃત્તિઓની બાહ્ય અભિવ્યક્તિ છે.

સૌંદર્ય અને ઉપયોગિતાનું વલણ અને પ્રચલન કલાના ક્ષેત્રમાં તેમજ આદિવાસીઓમાં વધુ જોવા મળે છે. માનવી પોતાની કલાને પોતાના મનોભાવને જુદા જુદા સ્વરૂપે વ્યક્ત કરે છે. જેમાં સંગીત, નૃત્ય, શિલ્પ, ચિત્ર સાહિત્ય જેમાં લોકગીતો, નાટકો, કથા વગેરે દ્વારા પોતાની અભિવ્યક્તિ કરે છે.

આદિવાસી કલાઓ અત્યંત સ્વાભાવિક, વિશુદ્ધ અને નિર્દોષ છે તે તેમના કુદરતના સાંનિધ્યમાંથી વિકસી છે. અનુભવોમાંથી ઉદ્ભવી છે. કલામાં ઉપયોગિતા અને સામાજિક તત્વ વિશેષ રહેલું છે. ક્યાંક પૂજ્યભાવ, ક્યાંક ખરાબ શક્તિઓમાંથી બચવા તો ક્યાંક ઉત્પાદન વધારવા જેવી બાબતો માટે મહદ્ અંશે તેમની કલામાં ભૌમિતિક અને પ્રતિકાત્મક આકૃતિઓ જોવા મળે છે. મોટાભાગની કલાનો હેતુ જીવન સાથે સંબંધિત હોય છે.

લોકસાહિત્ય લોકજીવનનું દર્પણ છે. લોકગીતો લોકજીવનની કવિતા છે. તેમાં લોક જીવનના સુખદુ:ખ, કરૂણા, હાસ્ય, વાત્સલ્ય, શૃંગાર વ્યક્ત થાય છે. જુદા જુદા સામાજિક પ્રસંગોએ ગવાતા ગીતોમાં જે તે પ્રસંગ અનુસારની અભિવ્યક્તિ જોવા મળે છે. મૌખિક સાહિત્યની કલાનું એક સ્વરૂપ છે. જે પેઢી દર પેઢી હસ્તાંતરિત થાય છે. વિશ્વની જુદા જુદા આદિવાસીઓમાં તેમના ભૌગોલિક પરિસ્થિતિની તાદાત્મ્યતામાંથી આ ઉપલબ્ધિઓ પ્રાપ્ત થાય છે. સાથે જ જરૂરિયાતોમાંથી તે વિકસે છે. પ્રસ્તુત પેપરમાં આવા કેટલાક જાતિ સમુહોની વાત કરવામાં આવે છે.

સામાન્ય રીતે જોઈએ તો માનવી જ્યાં પોતાના અસ્તિત્વને ટકાવી રાખતી પરિસ્થિતિઓ પ્રાપ્ત થાય ત્યાં સ્થાયી વસવાટ કરતા શીખ્યો છે. અતિ પ્રાચીન સમયની વાત કરીએ તો જીંદગીની રઝળપાટ જોવા મળે છે. જ્યાં રોટલો, પાણી અને છત મળી રહે ત્યાં રોકાય કુદરત પ્રતિકૂળ બને તો સ્થળાંતર આદિવાસી પ્રજા માટે કુદરત અને પછી વિદેશી પ્રજા સ્થળાંતર માટે કારણભૂત બની. એમ ઈતિહાસ જણાવે છે. આપણે જાણીએ છીએ તેમ અંતરિયાળ પ્રદેશોમાં જંગલો, પહાડી વિસ્તારોમાં આ પ્રજાનો વસવાટ વિશેષ જોવા મળે છે.

ગુજરાતના આદિવાસી-ઓમાં જોઈએ તો ભીલ આદિવાસીઓની વસ્તી સૌથી વધુ જોવા મળે છે. બધા જ સમુહોનો આધાર ભૌગોલિક પરિસ્થિતિ છે. તેમના કલા કૌશલ્યની વાત કરીએ તો સૌ પ્રથમ રહેણાંકની વ્યવસ્થા મકાન જરૂરિયાત પૂરતા તો ક્યારેક ખૂબ નાના. જાતે જ ઊભા કરેલા આજુબાજુમાંથી જે મળે તેમાંથી ઊભા કરેલા કેટલાક ઉદાહરણ જોઈએ જેમ કે,

ભીલ આદિવાસી વાંસ, વળી અને કામઠાના બનેલા મકાનોમાં વસવાટ મહદઅંશે બનાસકાંઠા, સાબરકાંઠા, ડાંગ, ભરૂચ વિસ્તારોમાં વસે છે.

હળપતિ મહદ્અંશે સુરત જિલ્લામાં વસે. ઘર જાતે જ ઊભુ કરવાની કળા દિવાલો કપાસ કે તુવેરના સાંઠાની હોય, છાપરા ઘાંસથી છવાયેલું ભોંયતળીયું જમીન (માટી)

ઘોડિયા મેદાની વિસ્તારમાં રહે ખેતી કરે મકાન વાંસની ખપાટીયાની દિવાલવાળું, છાપરું દેશી નળીયાથી છવાયેલું. કુંકણા ઘર શંકુ આકારના ભીંત છૂંદેલા વાંસની બનાવવામાં આવે. બારણા પણ વાંસના ઘરની છત પલાસના પાનથી સીવવામાં આવે. પાન પર ઘાસ પાથરી લાકડાથી દબાવવામાં આવે. આ કારીગરી અનુભવે જ મળી હોય જેને કલા જ કહેવી પડે.

પારધી કચ્છમાં જોવા મળે. જેમના ઘર વાંસ પર બરૂની ચટ્ટાઈઓ નાખી ઊભા કરી દેવામાં આવે. દિવાલો પણ આ ચટ્ટાઈઓથી બનાવે. ફટાફટ ઘર ઊભુ કરે તે સાથે જ ફટાફટ ઉઠાવી બીજી જગ્યાએ ઊભુ કરવાની આવડત પણ ખરી.

વારલી તેમજ ગામીતોમાં કુશળ ઘર બાંધનાર સુથાર. ફળિયાના ગામના ભાઈઓની મદદ લઈ ઘર વિધિવિધાનો સાથે બાંધવાની શરૂઆત કરે છે. પરંપરાગત રીતે તેમના ઘર પણ કુદરતમાંથી જ વિવિધ વસ્તુઓ ભેગી કરી બાંધવામાં આવે છે. ગામીતોમાં ભીંત વાંસની કામઠી કે કપાસ અથવા તુવેરની કરસાટી બાંધી તૈયાર કરે છે. માટી છાણ -ભૂંસુ મેળવી લીંપણ કરે છે. ભોંયતળિયું ઢેફાથી વ્યવસ્થિત કરી ઉપર છાણ લાલ માટી મેળવી લીંપવામાં આવે છે. ચિત્ર અને નૃત્યકળામાં જોઈએ તો – પારધી તેમના ચિત્રો વપરાશી ચીજવસ્તુઓના ઉપયોગથી જ બને. વાંસની સળી તેમનું ચિત્ર દોરવાનું સાધન ચિત્રો તહેવારને મોસમને અનુરૂપ ચિત્રો બનાવવાની આગવી કળા તેમની સ્ત્રીઓમાં જોવા મળે છે. તેમની કળા કુદરતની સાથે ઓતપ્રોત થયેલા જોવા મળે છે.

રાઠવામાં પીઠોરાનું ચિત્ર લગ્નની જાનનું ચિત્ર છે. પિઠોરા એ આદિવાસીઓની સમગ્ર જીવન વ્યવસ્થાને આલેખતી એક આદિવાસી ધાર્મિક કલાકૃતિ છે. જેતપુર, છોટા ઉદેપુર, પંચમહાલ જિલ્લાના હાલોલ, મધ્યપ્રદેશના ભીલાલા આદિવાસી વિસ્તારમાં જોવા મળે છે. પીઠોરો તેમના દેવ છે. જેને બાબો પીઠોરો કહે છે. તેઓ પરંપરાગત કુશળ ચિત્રકારો છે. મંડણ તે પણ તેમની કળાનો ઉત્તમ નમૂનો છે. સમગ્ર સજીવસૃષ્ટિ, સૂર્ય, ચંદ્ર, દેવોની કલાકૃતિ બનાવે છે.

વારલીઓમાં જોવા મળતી ચિત્રકલા ધાર્મિક નાતો ધરાવે છે. ઘરની ભીંત પર છાણ-માટીનું લીંપણ કરી સફેદ રાખ અને પલાળેલા ચોખાને કૂટી મિક્સ કરી વાંસની સળી વડે રેખાંકન કરે છે. સુખ સમૃદ્ધિ માટે રોજબરોજના પ્રસંગો અને કુદરત પર આધારિત ખાસ કરીને સજીવ સૃષ્ટિને તેઓ ચિત્રો દ્વારા અંકિત કરે છે.

ગરાસિયામાં ચિત્રકલા જોવા મળે છે. જેમાં કળા અને આદિમ ધર્મનું સંયોજન જોવા મળે છે. ગૃહસુશોભનમાં ચિત્રકળાની આગવી સુઝનું પ્રતિબિંબ પાડે છે.

નૃત્યકળા પણ તેમનામાં મુક્ત અભિવ્યક્તિ સ્વરૂપે વિકસી છે. મોટાભાગના લોકનૃત્યો ટોળીમાં થાય છે જે ઘેરામાં થતા હોય છે. સ્ત્રી પુરુષો ભેગા થઈને આ નૃત્યો કરે છે. તેનો ઉદ્દેશ સામુહિક જીવનને પૂર્ણતા પ્રદાન કરવાનો છે. સામાજિક સંગઠનને જાળવી રાખવાનો છે.

આદિવાસી સમાજમાં ઉત્સવ, તહેવાર જેવા અવસરો સમયે સ્ત્રી પુરુષો ભેગા મળીને ઘેરો બનાવી નાચે છે. કુંકણા ભવાડાનો વેરા ભજવે જે પરંપરાગત ચાલ્યો આવતો હોય. સમુહનૃત્ય, તાડપા નૃત્ય, થાળીકૂંડી નૃત્ય, માદડ નૃત્ય જેવા નૃત્ય સમુહના સભ્યોમાં ઉત્સાહ ભરી દે છે. વાંજિત્રોના અવાજ સાથે જ તેઓ થનગની ઉઠે છે. પારધીઓ ઢોલ, ચાંગ, સારંગી, વાંસળી-પાવાનું સંગીત અને સાથે નૃત્યમાં જીવનની સઘળી ચિંતાઓમાંથી મુક્ત બની તેના તાનમાં એકરસ થઈ જાય છે. ઈંદ નૃત્ય, મેળાનૃત્ય, હાલેલી નૃત્ય રાઠવાઓની વિશિષ્ટતા છે.

ભીલોના ઉઘાડી તલવાર સાથે થતા નૃત્યો નૃત્યકળાનો ઉત્કૃષ્ટ નમુનો છે. હળપતિઓમાં ઘેર નૃત્ય ખૂબ પ્રચલિત છે. જેમાં ધોઈચાળો, ઈંડાચાળો, મરઘી ચાળો વખણાય છે. પેઢી દર પેઢી તે વારસામાં પ્રાપ્ત થાય છે. કોઈ ઔપચારિક તાલીમ નહી છતાં લયબદ્ધતા જોવા મળે. ઘોડિયાનો નૃત્ય પ્રકાર શૂરાતનભર્યો જોવા મળે. વારલી તાડપી, કોહબી અને થાબીના સૂરે તાલ મિલાવી નૃત્યમય બની જાય.

વિસ્તારની રીતે જોઈએ તો ગુજરાતના ડાંગી નૃત્ય ખૂબ શક્તિ માંગી લે. અનેક પ્રયોગો પ્રસંગો દર્શાવતા નૃત્યો જોવાનો પણ એક લ્હાવો લેવા જેવો છે.

આદિવાસીઓમાં નૃત્ય એ મનોરંજનનું મોટામાં મોટું સાધન છે. પ્રકૃતિ સાથે એકતા બની તેઓ ગાતા જાય અને નાચતા જાય. વાંજિત્રોના સૂરતાલ જેમ બદલાતા જાય તેમ તેમના નૃત્યના ચાળા બદલાતા જાય.

સાહિત્ય મહદ્અંશે લેખિત સ્વરૂપે જોવા મળતું નથી, પરંતુ મૌખિક સ્વરૂપે આજે પણ કેટલેક અંશે જીવીત છે. અલબત્ત અન્ય સમાજો, ધાર્મિક સંપ્રદાયોના સંપર્કથી તેમાં પરિવર્તન જણાય છે.

રેગલેનના મતે પૌરાણિક કથાઓ કુતૂહલપૂર્ણ માનવ કલ્પનાની ઊપજ છે. હેડલ અને એલ્વિન જેવા માનવશાસ્ત્રીઓના મતે પૌરાણિક કથાઓ માનવની વિચારધારાઓનું પરિણામ છે.

બોઆઝના મતે લોકકથાઓ દૈનિક જીવનના પર ઉડતી કલ્પનાનું પરિણામ છે.

ગુજરાત અને ભારતના વિવિધ આદિવાસી સમુદાયોમાં વિભિન્ન પ્રકારના લોકગીતો જોવા મળે છે.

મોટાભાગની જેમ કે ગરાસીયા, ગામીત, વારલી, કુંકણા આદિવાસીઓમાં સામાજિક પ્રસંગોએ ગવાતા ગીતોની હારમાળા છે. હાલરડાથી માંડીને લગ્નગીતો, હોળીના ગીતો, દેવપૂજાના ગીતો જોવા મળે છે. મોટેભાગે આ ગીતો સમુહમાં ગવાતા હોય છે અને પોતાની બોલીમાં હોય છે. જેમાં પોતાના કર્તવ્યની વાતો ભૂમિકા સંબંધી વાતો, ઉપદેશાત્મક વાતો, આનંદ ઉત્સવ બાબતોનો સમાવેશ થતો હોય છે.

જ્યારે લોક સાહિત્યની વાત કરીએ તો પ્રકૃતિના તત્વોને લઈને જેમ કે એક ચકલા અને ચકલીની વાતમાં પર્યાવરણ સાથેનો અનુબંધ જન્મ પુનઃજન્મના સંબંધોની વાત, પૂર્વજોની લાગણીઓ, ભાવનાઓ, જીવન અને વિચારો, પ્રવૃત્તિ અને સિદ્ધિઓ, શિસ્ત અને ચારિત્ર્યનું નિરૂપણ હોય છે. દંતકથાઓ મોટેભાગે તેમની જાતિમાં બનેલી મહત્વની ઘટનાને સાંકળતી તેમજ મહત્વની વ્યક્તિઓનું વર્ણન હોય છે. પરિવર્તન, પ્રકૃતિના તત્વો, અસાધારણ પ્રાકૃતિક ઘટનાઓ સૃષ્ટિ અને ઈશ્વરનો ઉદ્ભવ, માનવ જાતિનો ઉદ્ભવ, પરાક્રમી પુરુષો, મૃત્યુ પછીનું જીવન મૃતાત્મા, કુળની ગાથાઓ માન્યતાઓ વગેરે જોવા મળે છે. તેમની માન્યતા અને શ્રદ્ધાને સંસ્થીકૃત કરે છે. કાર્ય અતિ બળવાન એમ સમજાવવામાં આવે છે.

# ભારતમાં આદિવાસી આંદોલન

ભારતમાં આદિવાસી સમુદાય પ્રાચીન સમયથી સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક રીતે અલગ વસવાટ કરતો આવ્યો છે. આદિવાસી સમુદાયનો ઈતિહાસ તપાસીએ તો તેમાં બળવાઓ વિદ્રોહો અને આંદોલન સતત થતા જોવા મળ્યા છે. કોઈપણ સામાજિક વ્યવસ્થામાં સામાજિક પરિવર્તનની પ્રક્રિયા સતત ચાલ્યા કરતી હોય છે. કેટલાક સમાજોમાં તે ઝડપી હોય છે તો કેટલાક સમાજોમાં તે ધીમી ગતિએ જોવા મળે છે, આ પ્રક્રિયાનો આધાર સમુદાયના લોકો બદલાવ લાવવાનો પ્રયત્ન કેટલો કરે છે તેના ઉપર નિર્ભર છે. સામાજિક આંદોલન સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન લાવવાનું સૂચિત કરે છે. હર્બટ બ્લુમર એવું જણાવે છે કે, “સામાજિક આંદોલન એક એવો સામૂહિક પ્રયાસ છે જેનાથી જીવનની નવી વ્યવસ્થા નિર્માણ પામે છે.” ભારતમાં આદિવાસી સમુદાય પોતાની આગવી સંસ્કૃતિ અને વારસો ધરાવે છે તેમનો વેરિયન એલ્વીન અને હર્બટ રિઝલી જેવા વિદ્વાનો ભારતના મૂળ વતનીઓ તરીકે ઓળખાવે છે. ભારતમાં વસ્તીની દ્રષ્ટિએ જોઈએ તો આદિવાસી વસ્તી ૨૦૧૧ પ્રમાણે ૮.૬ ટકા થાય છે તેમાં મુખ્યત્વે પૂર્વના રાજ્યો અને મધ્ય ભારતનો સમાવેશ થાય છે. ભારતમાં આદિવાસી ક્ષેત્રમાં જ્યારે બાહ્ય સમુદાયના લોકો દ્વારા પ્રવેશ અને તેમના પર નિયંત્રણ ઊભુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે તેનો વિરોધ આદિવાસી લોકો દ્વારા કરવામાં આવ્યો હતો. આદિવાસી વિરોધ મુખ્યત્વે ત્રણ મુદ્દાઓ સાથે સંકળાયેલો હતો. (૧) આદિવાસી ક્ષેત્રમાં હસ્તક્ષેપ (૨) જંગલના અધિકારો અને જમીનના અધિકારોથી વિમુખતા (૩) શોષણ.

આ સિવાય પણ કેટલાક સુધારાવાદી મુદ્દાઓ સાથે સંકળાયેલા આંદોલનો શરૂ કરવામાં આવ્યા હતા. વિરોધાત્મક સંઘર્ષો મોટાભાગે શાસન વ્યવસ્થા સામેના હતા અને તેના કારણે શાસકો દ્વારા લશ્કરી તાકાત આધારે સંઘર્ષોને દબાવવામાં આવ્યા હતા. આદિવાસી સમુદાયમાં ૧૮મી સદીથી વિવિધ સ્વરૂપે સંઘર્ષો બળવા અને વિદ્રોહ થતા રહ્યા છે તેમાં રામદયાલ મુંડા દ્વારા વિભિન્ન ઘટનાઓનું ક્રમબદ્ધ વિવરણ પ્રસ્તુત કરવામાં આવ્યું છે. ઘનશ્યામ શાહ (૧૯૯૦), પારવિયર (૧૯૮૧), ધાંધારે (૧૯૮૩)ના સંદર્ભમાં જણાવે છે કે “આદિવાસીઓની જમીન ઉપર જમીનદારો દ્વારા આદિવાસીઓને જ મજૂર બનાવવામાં આવ્યા હતા. તેમાં ઓછામાં ઓછું વેતન આપવામાં આવતું હતું” ઘનશ્યામ શાહ (૧૯૯૦) ના સંદર્ભમાં જણાવે છે કે “આદિવાસી લોકોએ અલગ વ્યવસ્થા સ્થાપિત કરવા સંદર્ભમાં જ આંદોલન ઉપાડ્યું હતું પરંતુ તે જ સમયમાં તેઓ રાષ્ટ્રીય અને ખેડૂત આંદોલનમાં પણ જોડાયા હતા. તેઓ પૂર્વ સંસ્થાનવાદના સંદર્ભમાં ચર્ચા કરતા જણાવે છે કે મધ્ય ભારતની આદિવાસી જાતિ જુદા જુદા પાસાના સંદર્ભમાં આંદોલન સાથે જોડાયા હતા. તેમાં (૧) રાજકીય સ્વાયત્તતા (૨) ખેતી અને જંગલના પાયા આધારિત આંદોલન હતા”

# ચમચી સૂંઠનો પાવડર કોરોનાની મહામારીથી બચાવી શકે છે

‘આયુર્વેદમાં સૂંઠનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. કચ્છના માધાપર વિસ્તારમાં એન.આર.આઈ. વ્યક્તિઓની સંખ્યા વધુ હોવાથી કોરોનાના ભયને કારણે હોમ કવોરન્ટાઈન ૧૫૦૦ વ્યક્તિઓને કોરોના સામે રક્ષણ મળી રહે તે માટે એક ચમચી સૂંઠનો જે પ્રયોગ કરવામાં આવ્યો હતો. જે કવોરન્ટાઈન થયેલી વ્યક્તિઓમાં એક ચમચી સૂંઠ લેવાના કારણે તેઓમાં રોગપ્રતિકાર શક્તિમાં વધારો થવાથી કોરોનો વાયરસ નાબૂદ થયો હતો અને મોટી સફળતા હાંસલ મેળવી હતી. આ સફળતાને કારણે રાજકોટના હોટસ્પોટ ગણાત જંગલેશ્વર વિસ્તારમાં બે હજાર વ્યક્તિઓને એક ચમચી સૂંઠનો પાવડરનું દરરોજ વિતરણ



કરવામાં આવ્યું હતું.

અનેક પ્રકારની બીમારીઓમાં રોગપ્રતિકાર-શક્તિમાં વધારો કરતી સૂંઠનો પ્રયોગ કોરોના સામે રક્ષણ આપવામાં અકસીર પુરવાર થઈ રહી છે. કોરોના વાયરસને માત્ર એક ચમચી સૂંઠથી હટાવી શકાય છે. એક ચમચી ભરેલી સૂંઠનો પાવડર જીભ ઉપર પાંચથી સાત મિનિટ સુધી રાખવાથી તે લાળ રસમાં ભળી સમગ્ર મુખ અને કંઠ સુધી ફેલાયેલી લસીકા વાહીની દ્વારા તેના પ્રભાવથી આખુ ગળુ શુદ્ધ કરી નાખે છે. આ સૂંઠનો રસ પાચનમાં પણ ઉપયોગી છે. જેથી નવ કામો કફ બનતો નથી અને ઈન્ફેકશનથી બચી શકાય છે. આ પ્રયોગ સવાર-સાંજ બે વખત જમ્યા બાદ કરવો જોઈએ. પાંચથી સાત દિવસ બાદ દર્દી કોરોનાના કોઈ પ્રકારના લક્ષણો જોવા નહીં મળે એ જ રીતે સૂંઠનો મગના દાણા જેવો પાવડર એકાદ -બે વખત સંઘવાથી સૂંઠના ઉષ્ણ અને તિક્ષ્ણ એવા બે વિશિષ્ટ ગુણને લીધે નસિકાની મેમ્બ્રેન દ્વારા તેનું અનુશોષણ થઈ વિજ્ઞાન અને શ્રંઘાટક મર્ચ સુધી પહોંચીને ત્યાંથી ચોટેલા કફને પીગળાવીને બહાર કાઢે છે તથા ફેફસાંને પણ સાફ કરે છે અને ઈન્ફેકશન અંદર પ્રવેશતું અટકે છે.

# સ્ટડી સર્કલ

## ભીલ સમાજ નું ગૌરવ



ભીલ દેવ ધનેશભાઈ
સામાન્ય પ્રવાહ ધો-૧૨
84.68 P.R.



ભીલ સંજયકુમાર દલાજી
સામાન્ય પ્રવાહ ધો-૧૨
75.17 P.R.



ભીલ સંજયકુમાર જીવાજી
સામાન્ય પ્રવાહ ધો-૧૨
86.28 P.R.



ભીલ અંજનાબેન કૈલાશભાઈ
સામાન્ય પ્રવાહ ધો-૧૨
67.90 P.R.

ભીલ સમાજના બાળકો શિક્ષણ જગત માં ધીમે ધીમે આગળ વધતાં સમાજ નું ગૌરવ વધારેલ છે. ધોરણ ૧૦ માં ત્રણ અને ધોરણ ૧૨ પાંચ વિધ્યાર્થીઓ પાસ થયેલ છે, તે બદલ સ્ટડી સર્કલ કપડવંજ ભીલ સમાજ તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.



ભીલ તેજલબેન વિઠ્ઠલભાઈ
સામાન્ય પ્રવાહ ધો-૧૨
49.55 P.R.

 ISSN-2454-9622 Dt. 23-06-2020, Tuesday

# ગ્લોબલ ટાઈમ્સ' છે ચીનનું મિસાઈલથી ખતરનાક હથિયાર, ભારત-અમેરિકા-ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ છેડ્યું પ્રચાર યુદ્ધ

**ચીન, પાકિસ્તાન અને નેપાળ એમ ત્રણ મોરચે લડવાનું ભારતની સૈન્ય ક્ષમતાથી વધુ માટે ભારત હારી શકેઃ ગ્લોબલ ટાઈમ્સ**

ચીની સૈનિકોએ લદ્દાખની ગાલવાન ઘાટીમાં ઘાત લગાવીને ક્રૂરતાપૂર્વક ૨૦ ભારતીય સૈનિકોની હત્યા કરી દીધી હતી. એટલું જ નહીં પરંતુ ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગના નિર્દેશ પર પીએલએના હજારો સૈનિકો ભારતીય જમીન પર કબજો જમાવવાની ફિરાકમાં છે. ચીને માત્ર જમીન પર જ નહીં પરંતુ સોશિયલ મીડિયામાં પણ યુદ્ધ છેડ્યું છે અને તેના માટે પોતાની 'મિસાઈલ' ગ્લોબલ ટાઈમ્સને મોરચો સોંપ્યો છે.

ગ્લોબલ ટાઈમ્સે છેલ્લા એક મહીના દરમિયાન સેંકડો ટ્વિટ કરીને ફક્ત ભારત વિરૂદ્ધ જ નહીં પણ અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને તાઈવાન વિરૂદ્ધ મનોવૈજ્ઞાનિક યુદ્ધ છેડેલું છે. હકીકતે તે ચીનની ગોળી ચલાવ્યા વગર જ યુદ્ધ જીતવાની રણનીતિ છે જેને અમલમાં મુકવાનું કામ ચીનના સરકારી સમાચાર પત્ર ગ્લોબલ ટાઈમ્સને સોંપવામાં આવ્યું છે. લદ્દાખમાં વ્યાપેલા તણાવ બાદ ચીનના પ્રોપેગેન્ડા મશીન ગ્લોબલ ટાઈમ્સે એક રીતે ભારત વિરૂદ્ધ મનોવૈજ્ઞાનિક યુદ્ધ આરંભ્યું છે.

ભારત અને ચીન વચ્ચે તણાવની શરૂઆત બાદ છેલ્લા એક મહીનામાં ગ્લોબલ ટાઈમ્સે અનેક ડઝન એવા સમાચાર અને વીડિયો જાહેર કર્યા છે જે ચીનની શક્તિને વધારીને દર્શાવે છે અને ભારતને નબળું સાબિત કરે છે. સૌથી પહેલા ગ્લોબલ ટાઈમ્સ ચીન સરકારના દાવાને નિષ્ણાંતોનો હવાલો આપીને કહે છે અને ત્યાર બાદ સરકાર તેનું પુનરાવર્તન કરે છે. એક રીતે ચીન સરકાર અપ્રત્યક્ષ રીતે પોતાના દાવાને ગ્લોબલ ટાઈમ્સના માધ્યમથી પ્લાન્ટ કરાવે છે અને બાદમાં તેનું સમર્થન કરે છે.

ગાલવાન ઘાટીની ઘટના તેનું ઉદાહરણ છે. સરહદ વિવાદ શરૂ થયા બાદ ગ્લોબલ ટાઈમ્સે સૌથી પહેલા દાવો કર્યો કે, ભારતના નિયંત્રણમાં રહેલી ગાલવાન વેલી ચીનની છે. ગાલવાન ઘાટી ચીનનો વિસ્તાર છે અને ભારત જાણીજોઈને ત્યાં વિવાદ સર્જે છે. ભારત ગાલવાનમાં ચીનના ક્ષેત્રમાં ગેરકાયદેસર રીતે ડિફેન્સ ફેસિલિટીનું નિર્માણ કરે છે જેથી ચીનની સેના પાસે તેને જવાબ આપ્યા સિવાય કોઈ વિકલ્પ નથી. ત્યાર બાદ ચીન સરકાર હવે સતત તે વિસ્તાર પર પોતાનો અધિકાર છે તેવો દાવો કરી રહી છે.

ગ્લોબલ ટાઈમ્સ સતત ચીનની સેનાના યુદ્ધાભ્યાસના વીડિયો પોસ્ટ કરે છે અને તે તિબેટમાં ભારતીય સરહદ પાસેના હોવાનું જણાવે છે. સાથે જ ચીની સરકારે અન્ય કોઈ દેશ પાસે ન હોય તેવા અત્યાધુનિક હથિયારો તૈનાત કર્યા હોવાનો પણ દાવો કરે છે. દાવા પ્રમાણે તે હથિયારો પર્વતો પર યુદ્ધ કરવા ખૂબ જ ઉપયોગી છે. નિષ્ણાંતોના મતે ગ્લોબલ ટાઈમ્સ ચીન ગોળી ચલાવ્યા વગર યુદ્ધ જીતવા ઈચ્છે છે તે રણનીતિનો હિસ્સો છે.

ભારત અને ચીનની સરહદે ચાલી રહેલા વિવાદ મામલે ભારતના આકરા વલણ બાદ ચીની મીડિયાએ પાકિસ્તાન અને નેપાળની સેનાની ધમકી આપી છે. ચીનના સરકારી સમાચાર પત્રએ ભારતનો ચીન ઉપરાંત પાકિસ્તાન અને નેપાળ સાથે સરહદ વિવાદ ચાલે છે માટે ભારતીય સેનાએ બે કે ત્રણ મોરચે દબાણનો સામનો કરવો પડશે તેવો દાવો કર્યો હતો. આમ તે ઈશારામાં જ ભારતનું મિત્ર રહી ચુકેલું નેપાળ હવે પોતાના ખોળામાં આવી ગયું છે તેવું દર્શાવવા માંગે છે.

ગ્લોબલ ટાઈમ્સે માત્ર ભારત જ નહીં પણ ચીનનો ભારે વિરોધ કરી રહેલા અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને તાઈવાન વિરૂદ્ધ પણ યુદ્ધ છેડી રાખ્યું છે. એક અહેવાલ પ્રમાણે ચીનના નેતા સાર્વજનિકરૂપથી પોતાનું નામ જાહેર નથી કરતા અને ગ્લોબલ ટાઈમ્સમાં કથિત રીતે નિષ્ણાંત બનીને હુમલા કરે છે. હોંગકોંગ મામલે અમેરિકાના વિરોધ બાદ ગ્લોબલ ટાઈમ્સે બાંયો ચઢાવી છે તથા તે ઓસ્ટ્રેલિયા અને તાઈવાનને પણ ડરાવી રહ્યું છે.

## નદીપારના વિસ્તારોમાં કોરોનાએ મૂકી માજાઃ

# નદીપારના વિસ્તારોમાં ૧૪૩૦ એક્ટિવ કેસ : ૨૪ કલાકમાં ૯નાં મૃત્યુ

## એક સપ્તાહથી પશ્ચિમ ઝોનમાં રોજ ૬૦ થી વધુ પોઝિટિવ કેસ નોંધાઈ રહ્યા છે,તંત્ર સબ સલામતનો રાગ આલાપે છે



અમદાવાદ શહેરના નદીપાર આવેલા પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ અને દક્ષિણ -પશ્ચિમના વિસ્તારોમાં કોરોનાના એકટીવ કેસની સંખ્યા સતત વધી રહી છે.શહેરના પાલડી, વાસણા, નવાવાડજ, ઘાટલોડિયા સહીતના વિસ્તારોમાં ગુરૂવાર સાંજ સુધીમાં નોંધાયેલા એકટીવ કેસની સંખ્યા વધીને હવે ૧૪૩૦ પર પહોંચી છે.સાથે જ ચોવીસ કલાકમાં આ વિસ્તારોમાં કુલ મળીને નવ લોકોના મરણ થયા છે.છેલ્લા એક સપ્તાહથી પશ્ચિમના વિસ્તારોમાં રોજ ૬૦ થી વધુ કેસ નોંધાઈ રહ્યા છે છતાં તંત્ર સબ સલામતનો રાગ આલાપી રહ્યું છે.

મળતી માહીતી પ્રમાણે,અમદાવાદના નદીપારના પશ્ચિમમાં આવેલા પાલડી, વાસણા, નવરંગપુરા, નવાવાડજ ઉપરાંત રાણીપ, સાબરમતી, ચાંદખેડા, મકતમપુરા,સહીત ઘાટલોડિયા, ચાંદલોડિયા જેવા વિસ્તારોમાં સતત કોરોનાના એકટીવ કેસ વધી રહ્યાં છે.શુક્રવાર ૧૯ જુનની સવારની સ્થિતિએ પશ્ચિમ ઝોનમાં કુલ ૮૧૧ એકટીવ કેસ નોંધાયેલા છે.ઉત્તર-પશ્ચિમ ઝોનમાં એકટીવ કેસની સંખ્યા ૩૧૫ છે.જયારે દક્ષિણ-પશ્ચિમ ઝોનમાં એકટીવ કેસની સંખ્યા ૩૦૪ મળી આ તમામ વિસ્તારોમાં કુલ મળીને ૧૪૩૦ એકટીવ કેસ નોંધાયેલા છે.છેલ્લા ચોવીસ કલાકમાં આ વિસ્તારોમાં કુલ નવ લોકોના મરણ થયા છે.આ વિસ્તારોમા નવા નોંધાયેલા કેસમાં પશ્ચિમ ઝોનમાં ૭૩ કેસ ગુરૂવાર સાંજ સુધીમાં નોંધાયા છે.પશ્ચિમમાં ત્રણ,ઉત્તર-પશ્ચિમમાં બે અને દક્ષિણ-પશ્ચિમમાં ચાર મળી કુલ નવ લોકોના ચોવીસ કલાકમાં મરણ થયા છે.

છેલ્લા ચાર દિવસમાં કુલ ૨૭૬ કેસ નોંધાયા છે.જુન મહીનાની શરૂઆતથી પશ્ચિમઝોનમાં અનલોક-વન દરમિયાન આપવામાં આવેલી વ્યાપક મુકિત બાદ કોરોનાના પોઝિટિવ કેસની સંખ્યામાં સતત વધારો જોવા મળી રહ્યો છે.૮ જુનના રોજ પશ્ચિમ ઝોનમાં કુલ ૭૦ કેસ નોંધાયા હતા.૯મી જુનના રોજ પશ્ચિમ ઝોનમાં કુલ ૬૧ કેસ નોંધાયા હતા.૧૩ મી જુનના રોજ પશ્ચિમઝોનમાં ૬૧ કેસ નોંધાયા હતા.૧૫ જુનના રોજ પશ્ચિમ ઝોનમાં કુલ ૮૧ કેસ નોંધાયા હતા.જયારે ૧૬ જુનના રોજ પશ્ચિમ ઝોનમાં કુલ ૬૦ કેસ નોંધાયા હતા.૧૭ જુનના રોજ પશ્ચિમ ઝોનમાં કુલ ૬૨ કેસ નોંધાયા હતા.૧૮ જુનના રોજ પશ્ચિમ ઝોનમાં કુલ ૭૩ કેસ નોંધાયા છે.

# આદિવાસી સમાજમાં શિક્ષણનું ખાનગીકરણ અને બેકારી

આજે શિક્ષણનું ખાનગી કરણ થવા લાગ્યુ છે એટલે કે સેલ્ફ ફાઈનાસ (સ્વ નિર્ભર) શાળા, સ્કુલો, કોલેજો, યુનિવસર્ટીઓ વગેરે શરૂ થઈ ગયું છે. તેમાં આદિવાસી સમાજના લોકો પોતાના બાળકોને શિક્ષણ આપવા સક્ષમ નથી. કારણકે તેઓ સામાજિક-આર્થિક રીતે પછાત છે. શિક્ષણના ખાનગીકરણથી આદિવાસી ખાનગી કરણથી આદિવાસી સમાજ બિન આદિવાસી સમાજ સાથે શિક્ષણક્ષેત્રે સમતોલ સ્થિતીમાં પાછળ પડતો જાય છે. કેટલીક કોલેજોમાં જેવી કે બી.એડ. ઈજેનિયર કે મેડિકલ પી.ટી.સી., નર્સીંગ વગેરે કોલેજોમાં અભ્યાસ માટે સરકાર દ્વારા કોલરશીપ આપવામાં આવેછે. પણ તેમાં આંડકતરા નિયમોને લીધે આદિવાસી સમાજના લોકો પુરતો લાભ લઈ શકતા નથી. આ બધી કોલેજો આદિવાસી સમાજની નથી. બિન આદિવાસી લોકોની છે. તેમાં સરકાર જે કંઈ કોલરશીપ આવે તે કોલેજ સંચાલકોને આપી દેવી પડે છે. એટલે કે શિક્ષણનું ખાનગીકરણ એ બિન આદિવાસી લોકો માટે આજે કમાણીનું સાધન થઈ ગયું છે. કેન્દ્રસરકાર કે રાજ્ય સરકાર આદિવાસી સમાજના નામે કરોડો રૂપિયા શિક્ષણ માટે ફાળવે છે. પણ તે રૂપિયા કોના હાથમાં કેવી રીતે જાય છે એ શિક્ષણ જગતમાં વિચારવું પડે તેમ છે. ૧૦ વર્ષ પહેલાં જે આદિવાસી ભાઈ-બહેનો એ જમીનવેચી દેવું કરી **P.T.C., CP.ed** કે બી.એડ કરેલ છે. તેમને શિક્ષણની ખાનગી કરણથી નિતિથી કોઈ કાયદો થયો નથી. તેમાંથી મોટા ભાગનો વર્ગ મજૂરીની શોધમાં ભટકતું જીવન પસાર કરે છે. આજે ધો-૧૦ થી ધો-૧૨ સુધીના શિક્ષણ સ્તરમાં શિક્ષણની ખાનગીકરણની નીતિએ જોર પકડયું છે. તેમાં મોટાભાગનો આદિવાસી સમાજ શિક્ષણ ખાનગીકરણ એ શિક્ષણનો વેપાર કરવાનું સાધન છે. તેનો ખ્યાલ જ નથી. પરિણામે ગરીબ આદિવાસી કુટુંબોના બાળકો ભવિશ્યમાં શિક્ષણની સ્પર્ધામાં ટકી રહશે કે કેમ તે વિચારવું પડે છે.

આદિવાસી વિસ્તારમાં રાજકીય નેતાઓના બાળકો, પ્રાથમિક-માધ્યમિક શાળાના બાળકો તથા અન્ય નોકરી કરતા કુટુંબના બાળકો શિક્ષણના ખાનગીકરણમાં શિક્ષણ મેળવતા થયા છે. એટલે કે વેપારમાં વેચાતું શિક્ષણ વાર્ષિક ૫૦,૦૦૦ થી ૧,૫૦,૦૦૦ જેટલા રૂપિયા ખર્ચ મેળવતા થયા છે. પરંતુ ૯૦% આદિવાસી સમાજનું શું થશે. તેનો કોઈને વિચાર આવતો નથી. ઠેર-ઠેર ખાનગી શિક્ષણની હાટડીઓ શરૂ થઈ છે. તેમાં ગરીબ આદિવાસી સમાજને તો પોતાના બાળકને રોજગારલક્ષી શિક્ષણ તો બાજુમાં રહ્યું પણ શિક્ષણ મળશે કે કેમ તે પ્રશ્નરૂપ બન્યું છે.

સરકાર કહે છે કે પ્રાથમિક શિક્ષણ મફત છે તો પછી શિક્ષણનું વેપાર કરતી હાટડીઓ શા માટે શરૂ કરે છે. છેલ્લા પંદર વર્ષમાં ગુજરાતમાં શિક્ષણનું વેપારીકરણ થઈ ગયું. આદિવાસી-બિન આદિવાસી ગરીબ લોકો તેની સામે અંધકારમય પરિસ્થિતિમાં પીડાય છે. ગ્રાન્ટેબલ કે સરકારી માધ્યમિક તથા ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ ઉપર સરકાર પુરતુ ધ્યાન આવતી નથી. અને આ કક્ષાનું શિક્ષણ વેપારી કરણ દિશામાં આગળ વધે તેમાં રસ હોવાથી આદિવાસી વિસ્તારમાં ૮ થી ૧૨ ધોરણમાં અભ્યાસ કરતા બાળકોની સાથે-સાથે તેમના માતા-પિતા પણ ચિંતા કરે છે કે અમારા બાળકોનું શું થશે ? આદિવાસી વિસ્તારમાં સરકારે ધો-૧૧-૧૨માં સાયન્સ પ્રવાહ શરૂ કર્યો તે શોભાના ગાઠીયા સમાન છે. તેમાં કોઈ પુરતી સુવિધા નથી. બીજી બાજુ માતા-પિતા ૨ થી ૪ લાખ રૂપિયા ખર્ચી પોતાના બાળકને વેચાતું શિક્ષણ મેળવવા મોટા શહેરોમાં મોકલી શકે તેમ નથી. મફત અને સરકારી શિક્ષણને નામે આદિવાસી સમાજના ગરીબ કુટુંબો ઉપર મોટા પડકાર ઉદ્ભવ્યો છે. તેમના બાળકોને સરકારી સ્કૂલોમાં પુરતા પ્રમાણમાં શિક્ષણ માળખું નથી. બીજી બાજુ તેમના બાળકો તે વેચાતું શિક્ષણ આપી શકે તેમ નથી. તથા શિક્ષણના નામે લાખો રૂપિયાઓનો ભ્રષ્ટાચાર થાય છે. આજે આદિવાસી સમાજમાં બેકારી (બેરોજગારી) ગંભીર સમસ્યા છે. **P.T.C., B.ed., M.ed., B.A., M.A., C.P.ed. M. com., B.com., M.phil** વગેરે કક્ષાની ડિગ્રી મેળવેલ યુવાન ભાઈ-બહેનો રોજગારીની શોધમાં ભટકતું જીવન ગાળે છે. તેમાં આ પ્રકારનું શિક્ષણ માત્ર શોભાના ગાઠિયા સમાન બની ગયું છે. મોટા ભાગના યુવાનો માત્ર ડીગ્રી મેળવવા ખાતર મેળવી હોય તેવું લાગે છે. આ પ્રકારનું શિક્ષણ મેળવેલ યુવાનોમાં શિક્ષણ મેળવેલ યુવાનોમાં મોટાભાગના યુવાનોની ઉંમર ૩૫ થી ૪૦ વર્ષની થઈ ગઈ એટલે સરકારી નોકરી મેળવવાના સપનો પુરા થઈ ગયા. આજે જે કંઈ શિક્ષણ મેળવે છે. તેઓમાં પણ સરકારી નોકરી માટે જાહેર સ્પર્ધાત્મક પરીક્ષા પધ્ધતિ દાખલ કરી છે. તેમાં મોટાભાગના યુવાનો પાસ થતા નથી. તથા પાસ થાય પણ મેરીટમાં આવતા નથી એટલે કે સરકારી - અર્ધસરકારી નોકરી સામે પડકાર ઉદ્ભવ્યા છે. તેમાં આજની શિક્ષણની વેપારીકરણની નીતિમાં આદિવાસી કુટુંબોના બાળકો ભવિશ્યમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ સામે હરિફાઈમાં સામનો કરશે કે કેમ એ આજે વિચારવાનો સમય આવ્યો છે. આજે ગાંધીનગર (ગુજરાતમાં) સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટે ૨૦ થી ૨૫ જેટલા વર્ગો પ્રાઈવેટ શરૂ થઈ ગયા છે. તેમાં ત્રણ મહિનાની ફી રૂા. ૫૦૦૦ થી ૧૨૦૦૦ જેટલી લેવાય છે. તેમાં છેવાડાનો આદિવાસી સમાજ જાણતો જ નથી. તથા આવી પરીક્ષાઓની તૈયારી માટે રૂપિયા ખર્ચી શકે તેમ નથી. તેથી આવી પરિસ્થિતિમાં આદિવાસી સમાજ બેકાર બની જશે. કારણ કે સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસની સાથે - સાથે મેરીટમાં આપવાનો નથી. તેથી સરકારે આદિવાસી વિસ્તારમાં ૧૦૦% જાહેર સ્પર્પધાત્મક પરીક્ષામાં પાસ થઈ સરકારી નોકરીની ગેરંટી સાથે સ્પર્ધાત્મક પરીક્ષામાં પાસ થઈ સરકારી નોકરીની ગેરંટી સાથે સ્પર્ધાત્મક પરીક્ષાની તાલીમ વર્ગો શરૂ કરવા જોઈએ. તેના માટે વહીવટી માળખું પણ એવું જ શરૂ કરવું કે જેટલા યુવાો પાસ થઈ ને નોકરી મેળવે તેટલા જ યુવાનો ની તાલીમ ફી તાલીમ સેન્ટર સંચાલકોને આપવી. માત્ર આદિવાસીઓને ખુશ કરવા ખાતર મફત તાલીમ વર્ગો શરૂ કરવા નહિ. આખા ગુજરાતમાં કેટલા વર્ગો શરૂ થયા તેમાં કેટલા યુવાનોને નોકરી મળી તેની સમીક્ષા કરવી. તેમાં કેટલા રૂપિયા ખર્ચાયા તે અગત્યનું નથી. આદિવાસી સમાજમાં ઉદ્ભવેલી બેકારીને દૂર કરવા માત્ર સરકાર નહિ પણ શિક્ષણ મેળવતા યુવાનો, આદિવાસી કુટુંબો, આગેવાનો રાજકીય નેતાઓ તથા આદિવાસી સામાજમાં શિક્ષણ મેળવી રોજગારી ક્ષેત્રે વિકાસ થયેલ લોકો વગેરે એ સાથે મળી વિકાસની દિશામાં રોજગારીની દિશામાં જવાના માર્ગ વિશે ચિંતન કરવું જોઈએ બધા એ એક મંચ પર એકત્રીત થઈ તથા આંતરિક મતભેદ ભૂલી ભાવિ આદિવાસી સમાજના સાતત્ય, પરિવર્તન, વિકાસ માટે ચિંતન શિબિરની સાથે સાથે વાસ્તવિક દિશામાં પ્રગતિ કરવા તરફ વિચારવું.

# આદિવાસી સમાજમાં રાજનીતિક સંગઠન

પ્રત્યેક સમાજને સંગઠન અને રાજ્યક્ષેત્ર હોય છે. રાજ્યની ઉત્પત્તિથી માંડીને રાજ્યશાસ્ત્રમાં વિચારકોની એવી કડી છે જેણે રાજ્યની ઉત્પતિના સિદ્ધાંત પ્રસ્તુત કર્યા છે. એરિસ્ટોટલે પોલીટીક્સ નામના પુસ્તકમાં યુનાના નગર રાજ્યોનું વિસ્તૃત વર્ણન કર્યું છે. પ્લેટોના ધ રિપબ્લીક ગ્રંથમાં પણ આ બાબતનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઈટાલીનાના મેકિયાવલીએ ધ પ્રાઈડમાં રાજ્ય અને તેના કાર્યોનું વિવરણ આપ્યું છે. આ વિચારકોએ રાજ્યોએ સંબંધી આધાર સામગ્રી પર પોતાનું ધ્યાન કેન્દ્રીત કરીને સંભવિત રાજ્યોએ શું કરવું જોઈએ એ વાત પર વિશેષ ભાર મૂક્યો છે. એમની કૃતિઓના આધારે રાજ્યની ઉત્પત્તિ વિષે વિગતો મળે છે. ૧૯મી સદીના મધ્યમાં રાજ્યની ઉત્પત્તિની સમસ્યા પર સામાજિક માનવવૈજ્ઞાનિકોએ સંશોધન કાર્યનો પ્રારંભ કર્યો. મોર્ગને રાજનૈતિક ઉદ્ભવને બે અવસ્થાઓમાં જોયો છે. રાજ્યની ઉત્પત્તિની પ્રથમ અવસ્થા એ છે કે જેમાં કેટલાક લોકોએ શુદ્ધ વ્યક્તિગત સંબંધો પર રાજ્યની સ્થાપના કરી અને એને ભાઈચારાની વ્યવસ્થા દ્વારા ચલાવ્યો. રાજ્યની આ અવસ્થાને મોર્ગન સામાજિક સંગઠનની અવસ્થા કહે છે. કદાચ એટલા માટે અમેરિકાના કેટલાક માનવશાસ્ત્રીઓ આજે પણ સામાજિક સંગઠનોનો અર્થ સગાઈ સંબંધની વ્યવસ્થા સાથે કરે છે. મોર્ગન એ વિચારતા હતા કે લોકોમાં સંપત્તિની ભાવના પછીથી આવી. આ ભાવનાના આવ્યા બાદ લોકોએ સરકારની સ્થાપના કરી. રાજ્યના વિકાસમાં આ બીજી અવસ્થા છે. આ અવસ્થામાં જોવા મળતા રાજ્યોને એમણે રાજકીય સંગઠનનું નામ આપ્યું. આ સંગઠનમાં કેટલાક લોકોની પાસે એક નિશ્ચિત રાજ્ય ક્ષેત્ર પર વહીવટ કરવાનો અધિકાર હતો.

મોર્ગનની આ પ્રાપ્તિના આધારે કેટલાક માનવશાસ્ત્રીઓએ રાજ્યની સમાનતા સરકાર સાથે કરી અને કહ્યું કે એવો સમાજ પણ છે જ્યાં સરકાર નથી અને છતાં પણ રાજનીતિક વ્યવસ્થા છે. આ વિચારધારાથી વિપરીત બ્રિટનના માનવશાસ્ત્રીઓનું કહેવું છે કે જો સરકારની યોગ્ય પરિભાષા આપવી હોય તો કહેવું પડશે કે પ્રત્યેક સમાજમાં કોઈને કોઈ સરકાર અવશ્ય હશે. હેનરીમેન પણ મોર્ગનની જેમ આ કથનમાં વિશ્વાસ રાખે છે કે રાજકીય નિષ્ઠાનો ઉદય રાજ્ય ક્ષેત્રના ઉદ્ગમની સાથે ઘણા સમય પછી થયો છે. ક્રમવિકાસના સંશોધનની પરંપરામાં રાપેરા (૧૯૫૬) એ એવા વિચારને પ્રસ્તુત કર્યો કે એવો કોઈ સમાજ નથી જેમાં રાજકીય એકમની સભ્યતા પૂર્ણરૂપથી સગાઈ સંબંધો પર નિર્ભર હોય અને કોઈ એવો સમાજ નથી જેમાં બધા લોકો સગાઈ સંબંધો દ્વારા એક સાંકળમાં બંધાયેલા હોય. અને એના પર કોઈ એક સામાન્ય અધિકાર હોય. શપેરાએ ઉદાહરણ તરીકે ઓસ્ટ્રેલિયાની જનજાતિઓ અને દક્ષિણ આફ્રિકાના બુશમેનનો ઉલ્લેખ કરેલ છે. આ લોકો એવા છે કે જેની પાસે ન તો પાલતુ પ્રાણી હોય છે અને ન તો તે ખેતી કરે છે. આ લોકો જંગલી પશુઓનો શિકાર કરે છે અને ઘેરા કે સમુહ બનાવીને ફરે છે. પ્રત્યેક ઝુંડની એક સ્પષ્ટ રાજનીતિક વ્યવસ્થા હોય છે પરંતુ એમાં સગાઈ સંબંધો આવશ્યક નથી.


સામાજિક માનવ-શાસ્ત્રમાં ૧૯મી સદીમાં રાજકીય વ્યવસ્થા સંબંધે જે તારણો કાઢ્યા છે તેમાં કેટલીક મોટી ખામીઓ છે. આ યુગના માનવશાસ્ત્રીઓનો સંદેહ એમની રાજકીય સંસ્થાઓ હતી. આદિવાસી સમાજની રાજકીય વ્યવસ્થાના અભ્યાસમાં એમના મનમાં યુરોપની સાર્વભૌમિકતાનો ખ્યાલ છવાયેલો છે. બીજું આદિવાસી સમાજના અભ્યાસમાં એમણે રાજકીય વ્યવસ્થા કેવી હોવી જોઈએ એના પર વધુ ભાર મૂક્યો છે. આ બે કારણોથી આદિવાસી સમાજની રાજકીય વ્યવસ્થાના અભ્યાસ દોષપૂર્ણ બન્યો છે. આદિવાસી રાજનીતિક વ્યવસ્થાના અભ્યાસમાં વીસમી સદીનો ચોથો દાયકો ખૂબ મહત્વપૂર્ણ છે. આ દાયકામાં આદિવાસી જાતિઓની રાજકીય વ્યવસ્થાના વિશ્લેષણથી સંપૂર્ણ સંદેહને જ બદલી નાખ્યો. ફોર્ટસ તથા પ્રિચાર્ડ દ્વારા લેખિત પોલીટીકલ સીસ્ટમ (૧૯૪૦) પુસ્તક પ્રકાશિત થયું. આ પુસ્તકના લેખકોની સૌથી મોટી અને મહત્વપૂર્ણ સિદ્ધિ એ છે કે એમણે કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર ખુલ્લા મને આફ્રિકાના આદિવાસીઓની રાજકીય વ્યવસ્થાનો અભ્યાસ કર્યો છે. એમનું કહેવું છે કે કોઈપણ રાજ્યના સંગઠનના અભાવમાં એક સ્થાયી અને પ્રભાવપૂર્ણ રીતે કામ કરવાવાળી રાજકીય વ્યવસ્થા હોવી સંભવિત છે. આ લેખકોએ ભારપૂર્વક પ્રાપ્ત થયેલ માહિતીને આધારે કહ્યું કે રાજકીય વ્યવસ્થા અને રાજ્ય પર્યાયવાચી નથી. રાજ્ય વિનાની પણ રાજકીય વ્યવસ્થા હોઈ શકે છે અને રાજકીય વ્યવસ્થા વગરના રાજ્ય પણ હોઈ શકે છે. ફોર્ટસ અને પ્રિચાર્ડથી પહેલા શપેરાએ પણ આવું જ કંઈક કહ્યું હતું. પરંતુ તે સમયે તેમના કથનની અવહેલના કરવામાં આવી. આજે ફોર્ટસ અને પ્રિચાર્ડની પ્રાપ્તિઓ ખૂબ મહત્વપૂર્ણ છે. આ લેખકોએ આફ્રિકાના આદિવાસીઓની આધાર સામગ્રી પર એવું સ્થાપિત કર્યું કે રાજકીય અને રાજ્ય પર્યાયવાચી નથી. રાજકીય વ્યવસ્થાના વિશ્લેષણમાં આપણે રાજકીય પ્રક્રિયાઓ અને સામાજિક સંસ્થાઓને અલગ કરીને જોવા જોઈએ. આફ્રિકાના કોઈપણ સમાજમાં રાજકીય કાર્યોને કરવા માટે ત્રણ પ્રકારના સંગઠનો છે (૧) એવા સંગઠનો જેમાં રાજ્ય જેવી કોઈ સંસ્થા નથી. તે રાજ્યહીન સમાજ છે (૨) એવા સમાજ જ્યાં રાજ્ય હતું (૩) બાકીના સમાજની અવશેષની કક્ષામાં મૂકી દીધા. જેમાં રાજ્ય સમાજ અને રાજયહીન સમાજનું કોઈ લક્ષણ ન હતું. રાજકીય વ્યવસ્થાઓના આ વિવરણમાં આપણને એ બાબતની પ્રેરણા મળે છે કે આ સિદ્ધાંતોની શોધ કરીને એના દ્વારા સમાજ પોતાના રાજકીય કાર્યો પૂરા કરતા હતા. એવા સમાજ જેમાં રાજ્ય હતા અને રાજકીય કાર્યો સરકાર કરતી હતી. રાજ્યહીન સમાજમાં રાજકીય કાર્યો બે પ્રકારના સમુહો દ્વારા કરવામાં આવતા હતા. એક એવો સમાજ હતો જેમાં રાજકીય કાર્યોને સગાઈ સંબંધો દ્વારા કરવામાં આવતા હતા. પાલલોહને સગાઈ સંબંધો દ્વારા રાજકીય કાર્ય કરતા સમાજોને બે વિભાગમાં વહેંચી દીધા છે. એક સમાજ જેમાં રાજકીય કાર્ય પરિવાર દ્વારા કરવામાં આવતા હતા અને બીજામાં એવા સમાજ આવે છે જેમાં કાર્યોને સિમિત સગાઈ સંબંધોવાળા સમુહો કરતા હતા. ટૂંકમાં રાજ્ય એક એવું સંગઠન છે જેનું પ્રાથમિક કાર્ય રાજનીતિક છે. જ્યારે આ રાજનીતિક કાર્યોને બીજા સમુહો અને ખાસ કરીને સગાઈ સંબંધોનો સમુહ અથવા ઉત્પાદન સમુહ કહે છે. એને આપણે રાજ્યનો અભાવ કહીએ છીએ. તેમણે રાજ્યયુક્ત સમાજ રાજ્યની કૌટુંબિક સંરચના, સ્થાયી રાજ્ય, અશાંત રાજ્ય તથા રાજ્યહીન રાજકીય સંગઠનોને ધ્યાનમાં રાખીને રાજ્ય વ્યવસ્થાનું વિશ્લેષણ કર્યું છે. ભારતના આદિવાસી સમુદાયોમાં જોવા મળતી રાજકીય વ્યવસ્થાના અભ્યાસો કેટલાક પાસાંને ધ્યાનમાં રાખીને વિવિધ માનવશાસ્ત્રીઓએ કર્યા છે. ટૂંકમાં આદિવાસી સમાજમાં પણ રાજકીય સંગઠનની વ્યવસ્થા એક યા બીજા સ્વરૂપે જોવા મળે છે.

# સતત ઓનલાઈન શિક્ષણથી બાળકોની આંખો બગડી શકે છે : હાઈકોર્ટ

**સ્કૂલ ફી અંગે થયેલી રિટમાં હાઇકોર્ટની ટકોરઃ સરકારને માહિતી રજૂ કરવા નિર્દેશ**

કોરોનાના કારણે અત્યારે સ્કૂલો બંધ છહોવાથી બાળકો ઓનલાઇન શિક્ષણ લઇ રહ્યા છે. જો કેસ લાંબાગાળા સુધી સતત ઓનલાઇન શિક્ષણના કારણે બાળકોની આખોમાં નુકસાન થઇ શકે છે તેવી ટકોર હાઇકોર્ટે કરી છે. આ સમસ્યાના નિયંત્રણામાં કયા-કયા પગલાં લઇ શકાય તેનો જવાબ રજૂ કરવા સરકારને નિર્દેશ અપાયો છે.

બાળકોની સ્કૂલ ફી અંગે થયેલી રિટમાં અરજદારની રજૂઆત હતી કે લોકડાઉનના કારણે શાળાઓ બંધ છે અને વિદ્યાર્થીઓને ઓનલાઇન શિક્ષણ અપાઇ રહ્યું છે., છતાં શાળાઓ પૂરેપૂરી ફીની માગણી કરી રહી છે. જેથી જ્યાં સુધી શાળાઓ પ્રત્યક્ષ રીતે ચાલુ ન થાય ત્યાં સુધી પૂરેપૂરી ફી ચૂકવવામાંથી વાલીઓને રાહત મળવી જોઇએ. ઓનલાઇન શિક્ષણ અંગે




હાઇકોર્ટે ટકોર કરી હતી કે સતત ઓનલાઇન શિક્ષણના કારણે બાળકોની આંખો પર વિપરિત અસર પડી શકે છે. આ ઉપરાંત જે પરિવારમોં એકથી વધુ બાળકો હોય તેઓ ઓનલાઇન શિક્ષણ માટે કેવી રીતે વ્યવસ્થા કરશે? હાઇકોર્ટે આ અંગે રાજ્ય સરકારને જરૂરી માહિતી રજૂ કરવા નિર્દેશ આપ્યો છે.

# આંતરસુબા આદિવાસી આંદોલન

લેખકઃ ડૉ.સુભાષ પાંડર

આંતરસુબા આદિવાસી આદોલન વર્ષ ૨૦૦૮માં સાબરકાંઠા જિલ્લાના આંતરસુબા વિસ્તારના આજુબાજુના ગામોના આદિવાસીઓ જંગલ, જમીન હક મેળવવા માટે જોડાયા હતા.

આદિવાસીઓ ભારત દેશના મૂળ વતની છે. વાસ્તવિક રીતે જોઈએ તો આદિવાસી આંદોલનોનો ઈતિહાસ, અનાદિકાળથી ચાલ્યો આવે છે. કેટલાક આંદોલનો વર્ષો સુધી ચાલતા રહ્યા. કેટલાક આંદોલનો થમી ગયા પરંતુ આંદોલનની ચિંગારી શોષિત આદિવાસી સમુદાયમાં ચાલતી રહી છે. વિદેશી પ્રજા અને પોલીસે અત્યાચાર બંધ કર્યો નથી. આદિવાસીઓ પોતાની જમીન, જંગલ અને જળ માટે આંદોલન કરતાં રહ્યા છે. ૨૦૦૮માં પણ વિજયનગર આંતરસુબા આદિવાસી આંદોલન જંગલખાતુ અને પોલીસના શોષણ અને અત્યાચારના ગર્ભમાંથી ઉભું થયું હતું. આ આદિવાસી આંદોલન જમીન અધિકાર કે હક મેળવવા માટેનું હતું પરંતુ ગુજરાત સમાચાર, સંદેશ, દિવ્ય ભાસ્કર વગેરે વર્તમાનપત્રો પણ વિદેશી પ્રજાના બ્રાહ્મણવાદી વિચારધારાથી ચાલતા હોવાથી તેઓ પણ અધિકારવાદી આદિવાસીઓને નકસલવાદી તરીકે ઓળખાવે છે. વર્તમાનપત્રોના દ્રષ્ટિકોણ પણ તટસ્થ કે વૈજ્ઞાનિક જોવા મળતો નથી. પરંતુ આદિવાસીઓ પ્રત્યેના પૂર્વગ્રહવાળો દ્રષ્ટિકોણ જોવા મળે છે.

ભારત દેશમાં દ્રવિડ, આર્ય, શક, હૂણ, પોર્ટુગીઝ, ફ્રેન્ચ, વલંદા અને અંગ્રેજ વગેરે વિદેશમાંથી ભારતમાં આવીને વસવાટ કર્યો છે. ભારત દેશના મૂળ વતનીઓની વિદેશી પ્રજાએ કેવી દશા કરી છે ? આદિવાસીઓ પ્રત્યે તેમના વ્યવહાર ભેદભાવ, અસમાનતા, પૂર્વગ્રહ અને કપટવાળો રહ્યો છે. જે ૧૯૧૩માં માનગઢમાં ૨૦૦૦ જેટલા આદિવાસીઓની હત્યા અંગ્રેજ અને રજવાડા દ્વારા કરવામાં આવી હતી. શાસકોના વ્યવહાર ભીલ પ્રદેશમાં રહેતા આદિવાસીઓ ઉપર અસમાનતાવાળો રહ્યો છે. તેઓ આદિવાસીઓનો વિનાશ કરવા માગે છે. સરકારે કાયદા દ્વારા આદિવાસીઓના અધિકારો છીનવી લીધા છે. અનુસૂચિત ક્ષેત્રમાં કયા કાયદા લાગુ પડે છે. આઈપીસી/સીઆરપીસી કોને લાગુ પડે ? પાંચમી અનુસૂચિ મુજબ આદિવાસી ક્ષેત્રમાં આદિવાસીઓની હત્યા કરવાની સત્તા કોની પાસે છે ? વિકાસના નામે આદિવાસીઓનો વિનાશ કોણ કરી રહ્યું છુ ?

સમગ્ર ઘટના બની તેની કેટલીક જાણકારી હાંસલ કરતાં જાણવા મળ્યું હતું કે આંતરસુબાના આદિવાસીઓ જમીન અધિકારની માંગણી કરે છે ત્યારે જંગલખાતુ અને પોલીસ આદિવાસીઓની હત્યા કરવા માટે આયોજીત કાવતરૂ છે કે કેમ ? જે આદિવાસી માટે ગંભીર અને દુઃખદ છે. કેમકે આંદોલન કર્તા સાજાજીની પોલીસ વહેલી સવારે ધરપકડ કરે છે પછી સાજાજી બોડાતની ટોળામાં હત્યા થઈ હોવાનું કેવી રીતે જાહેર કરી શકે ? પોલીસ પીઠ પાછળ ગોળી મારે છે તે શું દર્શાવે છે ?

૨૦૦૭ના વર્ષમાં સાજાજી બોડાતની આગેવાની હેઠળ સમાજ વ્યવસ્થા પરિવર્તનના સંદર્ભે ભીલ પ્રદેશના ગુજરાત રાજયના સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના આંતરસુબા પટ્ટાના ગામોમાં ઝેર, વદરી, અભાપુર, વજેપુર, અજેપુર, ધોળીવાવ, માંદરી, ખેરવાડા, ચિત્રોડી, કુડલા વગેરે હતા તેમાં સમાજ વ્યવસ્થા પરિવર્તન અને જમીન અધિકારના સંદર્ભે આંદોલન ચાલતું હતુ જેમાં ગામદીઠ પાંચ વ્યક્તિ જોડાયેલા હતા. આ આંદોલનના કારણે આંતરસુબા પટ્ટાના આદિવાસીઓમાં કેટલેક અંશે જાગૃતિ આવતી જતી હતી તે બાબત જંગલખાતાના અને પોલીસની આંખમાં કણાની જેમ ખુંચતી હતી. સમાજવ્યવસ્થા પરિવર્તન સંદર્ભે પખવાડીક મીટીંગો ગામદીઠ થતી હતી. તેમાં જંગલ ખાતા દ્વારા રોપા કયા વિસ્તારમાં અને કયા રોપા રોપવામાં આવ્યા તેની ચર્ચા થતી હતી. પ્લાન્ટેશનમાં થતા ભ્રષ્ટાચાર અંગેની વાતચીત થતી હતી અને આદિવાસી અધિકાર સંદર્ભે વાતચીત થતી હતી. જંગલખાતું અને પોલીસ શોષણ અને ભ્રષ્ટાચાર કરવા ટેવાયેલી હોવાથી આદિવાસીઓમાં જાગૃતિ આવે તે બાબત કોને ગમે.

૧૨ ફેબ્રુઆરી ૨૦૦૮ના રોજ સમાજ વ્યવસ્થા પરિવર્તન સંદર્ભે વિજયનગર તાલુકાના ઝેર ગામમાં મીટીંગ થઈ હતી. તેમાં ૨૫૦ જેટલા લોકોએ ભાગ લીધો હતો. તેમાં પ્લાન્ટેશન વિસ્તાર. રોપાની જાત અને આદિવાસી અધિકાર અંગેની ચર્ચા થઈ હતી. જે જંગલખાતું અને પોલીસને પસંદ ન હોવાથી તેઓએ આદિવાસી નેતા સાજાજી બોડાત અને તેમના સાથીદારોની હત્યા કરવા માટે આયોજીત કાવતરૂ ઘડી કાઢયું હોવાનું મનાય છે.

સાજાજી બોડાતની આગેવાની હેઠળ સમાજ વ્યવસ્થા પરિવર્તનના સંદર્ભે આંદોલન ચાલતું હતું. તેમાં પ્લાન્ટેશન વિસ્તાર, રોપાની જાત અને આદિવાસી અધિકાર અંગેની ચર્ચા થતી હતી. જંગલ ખાતાના ભ્રષ્ટાચારની પણ વાત થતી હતી. આદિવાસીઓમાં જાગૃતિ આવે તે જંગલ ખાતું અને પોલીસને પસંદ ન હતું. તેથી આદિવાસી સમાજના નેતા સાજાજી બોડાત અને તેમના સાથીદારોની હત્યા કરવા માટે આયોજીત કાવતરૂ ઘડી કાઢયું હતું કે કેમ ? તેવો ખ્યાલ ઉદ્ભવે છે.

૧૩ ફેબ્રુઆરી, ૨૦૦૮ની વહેલી સવારે ૪ વાગ્યે પોલીસ ઘરમાં ઘુસીને વ્યક્તિઓની ધરપકડ કરી હતી. જેમાં સાજાજી બોડાત, વજેપુર, સરદારભાઈ ડામોર, ગામ માધરી મોહનભાઈ ભગોરા, ગામ કુડલા રમેશભાઈ નિનામા ગામ ખેરવાડા, અમરાજી નિનામા ગામ અભાપુર, અમરાજી ડાભી ગામ અભાપુરના હતા. ધરપકડ વખતે ધરપકડ કરાયેલ વ્યક્તિઓની ધરપકડ કયા ગુનામાં કરવામાં આવી છે તેની માહિતી કુટુંબીજનોને આપવામાં આવી ન હતી. ભયનું વાતાવરણ ઉભું કર્યું હતું. ધરપકડ કરાયેલ વ્યક્તિઓને આંતરસુબા પરીક્ષેત્ર અધિકારીની કચેરીએ લઈ ગયા હતા. ત્યારબાદ આ છ વ્યક્તિઓને પોલીસ ગાડીમાં ૭ વાગ્યા પછી અતિ ઝડપથી ઈડર સર્કલ ઓફિસ લઈ ગયા હતા. ત્યાં ગેરકાયદેસર રીતે પોલીસ દ્વારા ઢોરમાર મારવામાં આવ્યો અને જાનથી મારી નાંખવાની ધમકી પણ આપવામાં આવી હતી. જજ સમક્ષ કોઈપણ બોલ્યા તો ગોળીથી મારી નાંખીશું તેવી પોલીસ દ્વારા ધમકી આપવામાં આવી હતી. સાજાજી બોડાત, શૈલેષભાઈ અને એક ભેંસને ગોળી મારીને પોલીસે હત્યા કરી છે તેવી માહિતી પોલીસ ધરપકડ કરાયેલાઓને આપી હતી તેથી ધરપકડ કરાયેલાઓમાં તેમને ગોળીથી મારી નાંખશે તેવો ડર ઉભો થયો હતો. ઘટના બન્યા ના આઠ વર્ષ પછી પણ ૨૦૦૮ની ઘટના અંગેની સાચી વાત કરતા તેઓ ગભરાય છે.

પોતાના ભાઈ-કાકા-પુત્ર પિતાની ધરપકડ થતાં કેટલાક કુટુંબીજનો ધરપકડ અંગેની માહિતી જાણવા માટે ૧૫૦ જેટલા લોકો પરીક્ષેત્ર વન અધિકારીની કચેરી આગળ વિજયનગરથી ઈડર જતા રોડ ઉપર ભેગા થયા હતા અને પોતાના ભાઈ પિતા, પુત્ર, કાકા ક્યાં છે તેની માહિતી જાણવા પ્રયાસ કરતા હતા. ત્યારે આયોજીત કાવતરા મુજબ પોલીસ દ્વારા ચેતવણી આપ્યા વિના ફાયરીંગ કર્યું હતું. તેમાં ચાર વ્યક્તિને ગોળી વાગી હતી તેથી ગંભીર ઈજા થઈ હતી. ૪૫ વ્યક્તિઓને ઈજા થઈ કે ઘવાયા હતા. (૧) સાજાજી બોડાત (૨) શૈલેષભાઈ (૩) જગદીશ બલાત (૪) દેવાજી ડામોર આ ચાર વ્યક્તિઓમાંથી ૨ વ્યક્તિઓનું સ્થળ ઉપર મૃત્યુ થયું હતું. જ્યારે જગદીશ બલાતનું મૃત્યુ થોડા દિવસો પછી થયું હતું. દેવાજી ડામોરને પણ ગોળી વાગી હતી. પરંતુ સરવાર થતા તેઓ જીવીત છે. ફાયરીંગ દરમ્યાન ૪૫ વ્યક્તિઓને ઈજા થઈ હતી કે ઘવાયા હતા તેથી કેટલાક દિવસો પછી લક્ષ્મણ ડામોર, મનિષ ડામોર, ગલજી ગામેતીનું મૃત્યુ થયું હતુ. સાજાજી બોડાતનું મૃત્યુ ફાયરીંગથી થયું છે તેમ પોલીસ જણાવે છે. તેની સત્યતા અંગે પ્રશ્નો ઉદ્ભવે છે. આંતરસુબા વિસ્તાર આદિવાસી ક્ષેત્ર પાંચમી અનુસૂચિમાં આવેલ હોવાથી આદિવાસી ક્ષેત્રમાં આદિવાસીઓ ઉપર ધરપકડ, અત્યાચાર કે ફાયરીંગ કરવા અંગે અને હત્યા કરવા અંગેની સત્તા કોણે આપી હતી ? ભારત સરકારે આપી, કેન્દ્ર સરકારે આપી હતી કે રાજ્ય સરકારે આપી હતી તે સવાલ છે ? આદિવાસીઓનો વ્યવહાર નોન જ્યુડીશીયલ છે તો પછી જ્યુડીશીયલ વ્યવહાર કેમ કરવામાં આવે છે ? આદિવાસીઓ કુદરતી વ્યવહાર કે કુદરતી સિદ્ધાંતમાં માને છે. જંગલખાતા અને પોલીસ દ્વારા સત્તાનો દુરૂપયોગ થયો હોય તેમ જણાય છે.

વધુ આવતા અંકે

# સહભાગી વનવ્યવસ્થાનો આદિવાસી સમુદાય ઉપર પ્રભાવ

ભારત દેશમાં ૮ ટકા આદિવાસી લોકો વસે છે. ભારતનો કુલ વનવિસ્તાર ૭.૬૫ કરોડ હેક્ટર છે તે દેશના કુલ ભૌગોલિક વિસ્તારના ૨૩ ટકા જેટલો છે. ગુજરાત રાજયનો કુલ ભૌગોલિક વિસ્તાર ૧,૯૬,૦૨૪ ચો.કી.મી. પૈકી જંગલ વિસ્તાર ૧૮,૮૬૮ ચો.કી.મી. (૯.૬૩ટકા) છે. જે અરવલ્લી, સાતપુડા અને સહ્યાદ્રીની ગિરિમાળામાં પથરાયેલ છે. પૂર્વ પટ્ટી બનાસકાંઠા જિલ્લાના દાંતા તાલુકાથી વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકા સુધી આદિવાસીઓ વસે છે. જેમાં મુખ્યત્વે ડુંગરી ગરાસિયા, ભીલ, કાથોડી, રાઠવા, તડવી, ચૌધરી, વસાવા, કોટવાળિયા, ઢોડિયા પટેલ વગેરે આદિવાસીઓનો જંગલો સાથે ગાઢો સંબંધ રહ્યો છે. તેઓ આદિકાળથી જંગલોને દેવ માનીને પૂજા કરતા આવ્યા છે. કારણ કે જંગલમાંથી ઘાસ, બળતણ, ફળ- ફૂલ અને ઔષધી મળે છે. ઉપરાંત વન્ય ગૌણ પેદાશ ટીમરૂ, ગુંદર, મધ વગેરે આર્થિક રીતે જીવન નિર્વાહમાં મદદરૂપ થાય છે. ૧૯૮૮ના સમયગાળામાં રાષ્ટ્રીય કક્ષાએ પાંખા વનોના સંવર્ધન માટે સઘન મંત્રણાઓ થઈ હતી. લોકોના સહકારથી વનોનું પુનઃ સ્થાપન થયાના પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા અને હરિયાણા રાજયના સફળ પ્રયોગોમાં ગુજરાત રાજયનો પણ સમાવેશ થયો હતો. આ અનુભવોના ફળ સ્વરૂપે જાન્યુઆરી, ૧૯૯૦માં ભારત સરકારે લોકોના સહકારથી પાંખા વનોને હરીયાળા કરવાની કાર્યપદ્ધતિને સ્વીકારી તેના અમલ માટે જોગવાઈઓ બહાર પાડી હતી. લોક સહકારની આ પ્રક્રિયામાં ગામના મોટાભાગના કુટુંબોને સમય, શક્તિ અને નાણાંનો ખર્ચ કરીને વનોનું રક્ષણ કરવાનું થયું હતું. આ યોગદાનના વળતર સ્વરૂપે રાજ્ય સરકારે સહભાગી વનવ્યવસ્થા કાર્યક્રમનો ૧૩ માર્ચ ૧૯૯૧માં ઠરાવ મંજૂર કર્યો હતો. ઉછરેલા વનોમાંથી મળતા લાભોમાં લોકોને ભાગીદારી આપવાનું તેમજ અપનાવવાની જવાબદારીઓ તથા ફરજો નક્કી કરી. ૧૯૯૪ના રાજય સરકારના ઠરાવમાં જંગલ ઉપજના લાભોના વિતરણમાં ગૌણ ઉપજના સમગ્ર અને ઈમારતી ઉપજના ૫૦ ટકા આપવાની જોગવાઈ છે. સહભાગી વનવ્યવસ્થામાં સ્થાનિક લોકો વનસંરક્ષણ સમિતિ બનાવે છે. આ સમિતિ સહભાગી વનવ્યવસ્થાને લગતા કાર્યો જેવા કે વ્યવસ્થાપન, રક્ષણ, સંવર્ધન, લાભોની વહેંચણીનું વ્યવસ્થાપન, સ્થાનિક લોકો સાથે મળીને કરે છે. સહભાગી વનવ્યવસ્થા દ્વારા જંગલમાંથી મળતા ઉત્પાદનો જેવા કે ગૌણ વનપેદાશ, ઘાસચારો, બળતણનું લાકડું, ઔષદીય પેદાશોનો લાભ લોકોને મળે છે. જ્યારે અંતિમ આવકનો હિસ્સા ભારતમાં જુદા જુદા રાજ્યોમાં ૨૦ ટકાથી ૬૦ ટકાની મર્યાદામાં છે. ભારતમાં ૨૦૦૨ સુધીમાં ૨૭ રાજ્યોએ સહભાગી વનવ્યવસ્થાનો ઠરાવ પસાર કર્યો હતો. આ ઠરાવ અંતર્ગત લગભગ ૬૩૬૧૮ વન રક્ષણ સમિતિ કાર્યરત છે. જે લગભગ ૧,૪૦,૯૫૩ ચો.કી.મી. વન વિસ્તારનું રક્ષણ સહભાગી વનવ્યવસ્થા અંતર્ગત થાય છે. ગુજરાત રાજ્યની પૂર્વ પટ્ટીમાં બનાસકાંઠા જિલ્લાથી વલસાડ જિલ્લા સુધી લગભગ કુલ ૧૪૧૭ ગામડાઓમાં સહભાગી વન વ્યવસ્થા કાર્યરત છે. જેમાં ૧૫૯૦૬૪.૫૯ હેક્ટર વન વિસ્તારનું વનરક્ષણ માટે અધિકારપત્ર આપેલ છે. પૂ. ગાંધીજી પણ ગ્રામ્ય સ્વરાજને જ મહત્વ આપતા હતા. તેઓ કહે છે કે આદર્શ ગામ તેને કહી શકાય પરિસ્થિતિ મુજબ પાંચ કિલોમીટરના દૈનિક જરૂરિયાત પ્રમાણે વાંસ, બળતણ અને ઘાસ મળી રહે.

## સિવિલ હોસ્પિટલની ફાઈલો અભેરાઇ ચઢાવી દેવાઇ

# કોરોનાના કહેર વચ્ચે અરવલ્લી જિલ્લામાં આરોગ્યની સુવિધાના મુદ્દે કોંગ્રેસનું આવેદન



અરવલ્લી જિલ્લામાં કોરોનાનો કહેર વકર્યો છે. સંક્રમીત કેસો અને દર્દીઓના મોતનું પ્રમાણ વધી રહયું છે.ત્યારે જિલ્લામાં જરૂરી સરકારી સીવીલ હોસ્પિટલ ના અભાવે જિલ્લાવાસીઓ પીડાઈ રહયા છે.જિલ્લામાં વધતા કોરોના સંક્રમણ અને પોઝીટીવ દર્દીઓ ના વધતા મોતથી ફફડાટ ફેલાયો છે.ત્યારે કોંગ્રેસ પક્ષ દ્વારા સત્વરે સીવીલ હોસ્પિટલની કાર્યવાહી શરૂ કરાય તેવી માંગ સાથે દરેક તાલુકા સ્થળોએ મામલતદારોને આવેદનપત્રો અપાયા હતા.જિલ્લાના મોડાસા સહિત ભિલોડા, મેઘરજ, બાયડ સહિતના તાલુકા સ્થળોએ આવેદનપત્ર આપવાના આ કાર્યક્રમમાં તાલુકા સમિતિ ના પ્રમુખો સહિતના અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.

કોરોનાનો પ્રકોપ અરવલ્લી જિલ્લામાં વ્યાપક પ્રમાણમાં વકર્યો છે.જિલ્લામાં ૧૬૬ પોઝીટીવ દર્દીઓ નોંધાયા છે.જે પૈકી ૧૪ દર્દીઓના મોત નીપજયા છે.જિલ્લાવાસીઓને રોગની સારવાર નજીવા દરે કે નિશુલ્ક રાહે મળી રહે તેવી સરકારી અદ્યતન સુવિધાનો જિલ્લામાં અભાવ વર્તાય છે. અરવલ્લી જિલ્લામાં સીવીલ હોસ્પિટલ શરૂ કરવા જરૂરી કામગીરી સત્વરે શરૂ કરવાની માંગ સાથે અગાઉ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ કમલેન્દ્રસિંહ પુવાર સહિતના હોદ્દેદારો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર અપાયું હતું.

આ માંગને વધુ વેગવંતી અને ઉગ્ર બનાવવા સમયાંતર જુદાજુદા કાર્યક્રમો આપવાનું કોંગ્રેસ પક્ષે આયોજન કર્યું છે.ત્યારે આ આયોજનના ભાગરૂપે ગુરૂવારના રોજ તાલુકા સ્થળોએ મામલતદાર અધિકારીઓને આવેદનપત્રો અપાયા હતા અને સીવીલ હોસ્પીટલ માટે ફળવાયેલ જમીન અને નાણાં અંગે સત્વરે કાર્યવાહી હાથ ધરવા તંત્ર અને સરકારને અનુરોધ કરાયો હતો.જિલ્લાના ભિલોડા તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ ડાૅ.વનરાજ આર.ડામોર,મોડાસા તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ ડાહ્યાભાઈ આર.પટેલ દ્વારા ભિલોડા અને મોડાસા મામલદારે આવેદનપત્ર અપાયું ત્યારે અગ્રણી કાર્યકરો ઉપસ્થિત રહયા હતા.જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ કમલેનદ્રસિંહ પુવાર ના જણાવ્યા મુજબ દરેક તાલુકા સ્થળોએ હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા સીવીલ હોસ્પિટલ ની માંગને લઈ આવેદનપત્રો અપાયા છે.અને સત્વરે આ પ્રશ્ને સરકાર દ્વારા હકારાત્મક વલણ નહી અપનાવાય તો વધુ ઉગ્ર લડત ના કાર્યક્રમો આપવામાં આવશે.

## ખેરવાડાથી ડીવાયએસપીની ટીમે ઝડપી પાડયો

# અરવલ્લી પોલીસની રાજસ્થાનમાં રેડ : વોન્ટેડ બુટલેગર ચિરાગ પંચોલીને દબોચી લીધો

પરપ્રાંત હરીયાણાથી વાયા રાજસ્થાન મોટાપાયે વિદેશી દારૂ રાજયમાં ઘૂસાડવામાં આવતો હોય છે.રાજસ્થાનના ખેરવાડા સહિતના કેટલાક વિસ્તારોમાં બેફામ બનેલા બુટલેગરો પોલીસને પડકાર ફેકી રહયા છે.ત્યારે આવા વોન્ટેડ એક બુટલેગરને જિલ્લા પોલીસ ટીમે રાજસ્થાનમાં રેડ પાડી સફળતાપૂર્વક ઝડપી લીધો હતો.જિલ્લા સહિત રાજયમાં વિદેશી દારૂ હેરાફેરીના સંખ્યાબંધ ગુનાઓ આચરી લપાતો છુપાતો બુટલેગર ઝડપાતાં અરવલ્લી પોલીસને ધારી સફળતા મળી હતી.

**જિલ્લામાં દારૂ હેરાફેરી સહિતના કેટલાય ગુનામાં વોન્ટેડ આરોપી વિરૂધ્ધ રાજયના જુદાજુદા પોલીસ સ્ટેશનોમાં પણ ફરિયાદો નોંધાઈ**

રાજયમાં બેફામ પણે વિદેશી દારૂ ઘુસાડવામાં રાજયના બુટલેગરો સાથે પરપ્રાંત રાજસ્થાન રાજયના બુટલેગરોની સાંઠગાંઠ અને ગોડફાધરના આર્શીવાદથી બુટલેગરો બેફામ બન્યા છે। ત્યારે રાજયમાં વિદેશી દારૂ હેરાફેરી ના વિવિધ ગુનાઓ આચરી બુટલેગર ચિરાગ પ્રકાશચંદ્ર રાજયની પોલીસને થાપ આપી નાસતો ફરતો હતો. ડીવાયએસપી બી.બી.બસીયા ને ખાનગી રાહે મળેલી બાતમીના આધારે આ વોન્ટેડ બુટલેગર ને ઝડપી લેવા જાળ બીછાવાઈ હતી. ડેપ્યુટી સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ ભરત બસીયા,પોસઈ કે.કે.રાજપૂત અને કે.એસ.સીસોદીયા સહિતની ટીમે રાજસ્થાનના ખેરવાડામાં ચાલાકી પૂર્વક છાપો મારી કુખ્યાત બુટલેગર ચિરાગ પંચોલીને તેના ઘર પાસે થી દબોચી લીધો હતો.આ આરોપીને ખેરવાડા (રાજસ્થાન) પોલીસ સ્ટેશને હાજર કરી પોલીસ ટીમ મોડાસા લઈ આવી હતી.

ફ્રેન્ચાઈઝી માટે સંપર્ક કરો.
Web Site : www.gctiindia.org
Mo. : 9712339777

GUJARAT COMPUTER TRAINING INSTITUTE®
Organize by UECT, Regd. by Govt. of India
Regd. by Govt. of India N.C.T. New Delhi, India
Regd. by Govt. of Gujarat, India

ગુજરાત સરકારની નવી ભરતી માટે CCC નો કોર્ષ
સરકારશ્રી દ્વારા જાહેર કરેલ અભ્યાસક્રમ મુજબ ભણાવવામાંઆવે છે.

આ સિવાય અન્ય રોજગાર લક્ષી કોર્ષ
Basic, Tally Erp-9, DTP, Web designing, C, C++, Java, DCA, PGDCA, Hardware Networking, Spoken English, Mobile Repairing Course, Etc...

સરકારી કર્મચારીને ગ્રેડેશન માટે CCC ની ટ્રેઈનિંગ આપવામાં આવશે.

- દરેક બેચમાં મર્યાદિત સંખ્યા
- ફ્રી મટીરીયલ તથા બેગ
- કોર્ષના અંતમાં GCTI દ્વારા સરકાર માન્ય સર્ટીફીકેટ
- અનુભવી શિક્ષક દ્વારા શિક્ષણ

100 % રોજગાર લક્ષી કોર્ષ
ફ્રી સ્ટડી મટીરીયલ
ઓનલાઇન વેરીફીકેશન ઉપલબ્ધ

AUTHORIZED TRAINING CENTER
VIJAY COMPUTER EDUCATION CENTER
At Post - Chithoda, Nr. Chithoda Police Chowki,
Ta. Vijaynagar, Dist. Sabarkantha
Pande Ashokbhai K. [ Mo. 94284 10430 ]

Printed, Published and Owned by Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI and printed at Shree Ganesh Offset, A/6, Shubh-Labh Estate, Nr. Ambica Ice Factory, Tavdipura, Ahmedabad-380004. Ph. : 079- 25626240. and Published from F/51/694, Prakashdeep Appartment, Opp. Bhavsar Hostel, Nava Wadaj, Ahmedabad- 380013. Editor : Dr. PANDE VIJAYKUMAR ASHOKBHAI